RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 078 Dt. 08-10-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# દિવાળી પૂર્વે ગુજરાત મંત્રીમંડળ વિસ્તરણ

## મુખ્ય ઉદ્દેશ રાજકીય સંતુલન જાળવવું અને રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભારે જીત મેળવવી

રાજકોટ, તા. ૭

પ્રદેશ અધ્યક્ષ ની વરણી થતા જ રાજકારણમાં એ વાતે જોર પકડ્યું હતું કે હવે મંત્રીમંડળનું વિસ્તરણ શક્ય બનશે ત્યારે સૂત્રોના જણાવ્યા અનુસાર આગામી સપ્તાહમાં રાજ્ય સરકારના મંત્રીમંડળમાં ફેરબદલ થવાની તમામ સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. યુવા નેતાઓને મંત્રીમંડળમાં સ્થાન મળે તેવી પણ અટકળો ચાલી રહી છે.

ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળમાં વિસ્તરણ અને ફેરફાર માટે તત્પર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મંત્રીમંડળની નવી રચના ૧૩થી ૧૭ ઓક્ટોબર વચ્ચે જાહેર થવાની શક્યતા છે. જો બધું યોજના મુજબ આગળ વધે તો, આ મંત્રીમંડળમાં ફેરફારથી વર્તમાન ખટઅતની નારાજગી દૂર થશે અને તેમને પ્રતિનિધિત્વની તક મળશે, સાથે જ નવા યુવા નેતાઓને પણ મંત્રીમંડળમાં સ્થાન મળી શકે છે. આ મંત્રીમંડળ વિસ્તરણનો મુખ્ય ઉદ્દેશ રાજકીય સંતુલન જાળવવું, યુવા નેતાઓને મજબૂત સ્થાન આપવું અને રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ભારે જીત



મેળવવાનો છે. સરકારી સૂત્રોના કહેવા અનુસાર, નવા પદ અને જવાબદારી ફાળવી નારાજગી દૂર કરવાનો પ્રયાસ કરવામાં આવશે. જેથી આ પગલું ખટઅ વચ્ચે રાજકીય તાણ ઘટાડવા માટે મહત્વપૂર્ણ છે.

મંત્રીમંડળ પસંદગીમાં મૂળભૂત સિક્કો તો ઈખનો જ ચાલશે, પરંતુ તાજેતરમાં સત્તાધારી પક્ષ ભાજપનું પ્રમુખ પદ સંભાળનાર જગદીશ વિશ્વકર્મા પણ હવે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમના પ્રદેશ અધ્યક્ષના નેતૃત્વ હેઠળ નવી પસંદગીઓ કરવામાં આવશે, જેમાં યુવા નેતાઓને મજબૂત સ્થાન અપાશે અને અનુભવી મંત્રીઓનું સંતુલન જાળવવામાં આવશે. આ કારણે મંત્રીમંડળની કાર્યક્ષમતા વધશે અને વિકાસ ક્ષેત્રે ઝડપી કામગીરી શક્ય બનશે.

આ મંત્રીમંડળ વિસ્તરણનો સીધો લાભ આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં મળશે, સાથે જ રાજ્યના વિકાસ પ્રોજેક્ટોને પણ લાભ મળશે. વિશેષ રૂપે, સ્થાનિક વિકાસ, આર્થિક યોજનાઓ, આરોગ્ય, શિક્ષણ અને નાગરિક સેવા ક્ષેત્રોમાં મજબૂત કામગીરી સુનિશ્ચિત થશે. યુવા નેતાઓને મળતા મહત્વપૂર્ણ પદ દ્વારા નવા વિચાર અને તાજી ઊર્જા રાજ્યની નીતિ અમલમાં ઉમેરાશે. આ બદલાવથી, રાજ્યમાં મંત્રીમંડળની કાર્યશક્તિ વધશે અને સરકારને વિકાસ પ્રોજેક્ટો ઝડપી આગળ વધારવામાં મદદ મળશે. વિસ્તરણ પછી ખાસ કરીને વર્તમાન ખટઅતની અગાઉની નારાજગી દૂર થાય તેવી શક્યતા છે. આ મંત્રીમંડળની જાહેરાત ૧૩થી ૧૭ ઓક્ટોબર વચ્ચે થઈ શકે છે અને રાજ્યમાં રાજકીય અને વિકાસ બંને ક્ષેત્રોમાં અસરકારક પરિણામ જોવા મળશે.



# ભારત-અમેરિકા વેપાર કરાર માટે કરે છે સતત વાટાઘાટો

## નવેમ્બરની સમયમર્યાદા પહેલાં કોઈ કરાર પર પહોંચવાની શક્યતા

નવીદિલ્હી, તા. ૭

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે મંગળવારે જણાવ્યું હતું કે ભારત અને અમેરિકા પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર પર સતત વાટાઘાટો કરી રહ્યા છે અને વાટાઘાટો પૂર્ણ કરવા માટે નવેમ્બરની સમયમર્યાદા પહેલાં કોઈ કરાર પર પહોંચવાની દરેક શક્યતા છે.

વેપાર વાટાઘાટોના આગામી રાઉન્ડની વ્યક્તિગત રીતે યોજાવાની શક્યતા અંગે, તેમણે કહ્યું કે દરેક શક્યતા અસ્તિત્વમાં છે, પરંતુ યુએસ સરકાર હાલમાં શટડાઉન મોડમાં હોવાથી, આગામી રાઉન્ડની વાટાઘાટો કેવી રીતે, ક્યાં અને ક્યારે થશે તે કહેવું મુશ્કેલ છે.

ગોયલ અહીં એક દિવસની સત્તાવાર મુલાકાત પર છે. તેઓ એક વ્યાપારી પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરી રહ્યા છે અને બંને દેશો વચ્ચે વેપાર અને રોકાણ સંબંધોને વેગ આપવાના માર્ગો પર ચર્ચા કરી રહ્યા છે. બંને પક્ષો વાટાઘાટો પૂર્ણ કરવા માટે નવેમ્બરની સમયમર્યાદાનું પાલન કરી રહ્યા છે કે કેમ તે પૂછવામાં આવતા, ગોયલે ગયા મહિને વેપાર વાટાઘાટો માટે એક સત્તાવાર પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કર્યું. તે બેઠક બાદ, ભારત અને અમેરિકાએ પરસ્પર લાભદાયી દ્વિપક્ષીય વેપાર કરારને ઝડપથી પૂર્ણ કરવા માટે વાટાઘાટો ચાલુ રાખવાનો નિર્ણય લીધો. બંને પક્ષોએ વેપાર કરારના વિવિધ પાસાઓ પર રચનાત્મક બેઠકો યોજી.

આ વર્ષના ફેબ્રુઆરીમાં, બંને દેશોના નેતાઓએ અધિકારીઓને પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) પર વાટાઘાટો શરૂ કરવા નિર્દેશ આપ્યો હતો. કરારનો પ્રથમ તબક્કો ૨૦૨૫ ના પાનખર (ઓક્ટોબર-નવેમ્બર) સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતું. અત્યાર સુધીમાં, વાટાઘાટોના પાંચ રાઉન્ડ થયા છે. આ કરારનો ઉદ્દેશ્ય ૨૦30 સુધીમાં દ્વિપક્ષીય વેપારને વર્તમાન ૧૯૧ બિલિયનથી બમણો ૫૦૦ બિલિયન કરવાનો છે.

# અ'વાદ વિમાન દુર્ઘટનાની તપાસમાં કોઈ છેડછાડ નહીં : રામ મોહન

## તપાસ અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રીનું નિવેદન

અમદાવાદ, તા. ૭

કેન્દ્ર સરકારે મંગળવારે જણાવ્યું હતું કે અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસમાં કોઈ ''હેરાફેરી'' કે ''ગંદુ કામ'' ચાલી રહ્યું નથી. ૧૨ જૂને થયેલા એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં ૨૪૧ મુસાફરો અને ક્રૂ સભ્યો સહિત ૨૬૦ લોકોના મોત થયા હતા. નાગરિક ઉડ્ડયન મંત્રાલય હેઠળ આવતા એરક્રાફ્ટ એક્સિડેન્ટ ઈન્વેસ્ટિગેશન બ્યુરો (AAIB) આ અકસ્માતની તપાસ કરી રહ્યું છે. AAIBએ તપાસ અંગે એક પ્રારંભિક અહેવાલ બહાર પાડ્યો હતો, જેના પસંદગીના અંશો અમેરિકન મીડિયા દ્વારા મૃતક પાઈલટ પર દોષારોપણ કરવાનો પ્રયાસ કરવા માટે પ્રકાશિત કરવામાં આવ્યા હતા. વિમાનના કેપ્ટનના પિતાએ પણ તપાસ અંગે ચિંતા વ્યક્ત કરી હતી, જેના કારણે પાછળથી ઘણો વિવાદ થયો અને તે સુપ્રીમ કોર્ટ સુધી પણ પહોંચ્યો હતો.

રામ મોહન નાયડુએ જણાવ્યું હતું કે અમદાવાદ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનાની તપાસમાં કોઈ ''હેરાફેરી કે ગંદુ કામ'' ચાલી રહ્યું નથી, જેમાં



૨૬૦ લોકો માર્યા ગયા હતા. અમદાવાદ વિમાન દુર્ઘટનાની તપાસ અંગે ઉઠાવવામાં આવેલી ચિંતાઓ વચ્ચે કેન્દ્રીય મંત્રીનું નિવેદન આવ્યું છે. નાયડુએ કહ્યું, ''તપાસમાં કોઈ છેડછાડ કે કોઈ ગેરરીતિ થઈ નથી. આ એક ખૂબ જ સ્વચ્છ અને સંપૂર્ણ પ્રક્રિયા છે, જે અમે નિયમો મુજબ કરી રહ્યા છીએ.'' તેમણે એમ પણ કહ્યું કે અંતિમ અહેવાલમાં થોડો સમય લાગશે. તેમણે કહ્યું કે AAIB ''અંતિમ અહેવાલનો ખૂબ જ પારદર્શક અને સ્વતંત્ર અભ્યાસ કરી રહ્યું છે.'' મંત્રીના જણાવ્યા મુજબ, ''અમે તેમના પર ઉતાવળમાં અહેવાલ રજૂ કરવા માટે કોઈ દબાણ લાવવા માંગતા નથી. તેથી, તેઓ જરૂરી સમય લેશે.

અમેરિકન મીડિયાએ પણ આ માહિતી આપી. આ પછી, કેપ્ટનના પિતાએ નાગરિક ઉડ્ડયન મંત્રાલયને પત્ર લખીને વિમાન દુર્ઘટનાની અલગ તપાસની માંગ કરી અને તપાસકર્તાઓની ''પસંદગીયુક્ત માહિતી'' જાહેર કરવા બદલ ટીકા કરી, જે તેમના પુત્ર વિશે અટકળોને વેગ આપી રહી છે. ૧૨ જૂનના રોજ, બોઈંગ ૭૮૭-૮ ડ્રીમલાઈનર વિમાન અમદાવાદથી લંડનના ગેટવિક એરપોર્ટ માટે ઉડાન ભર્યાના થોડા મિનિટ પછી, અમદાવાદ મેડિકલ કોલેજ કેમ્પસમાં ક્રેશ થયું. આ અકસ્માતમાં, વિમાનમાં સવાર ૨૪૨ માંથી ૨૪૧ મુસાફરો અને ક્રૂ સભ્યો અને જમીન પરના ૧૯ લોકોએ પણ જીવ ગુમાવ્યા.

# બિહાર ચૂંટણી : CM પદ માટે મથામણ

## રાષ્ટ્રીય સ્તરના ભારતીય બ્લોકનો મુખ્ય ભાગ બનેલા RJDને હજુ સુધી સત્તાવાર રીતે તેજસ્વી યાદવને ટોચના પદ માટે સમર્થન આપ્યુ નથી




નવીદિલ્હી, તા. ૭

નવેમ્બરમાં બિહારની ચૂંટણી નજીક આવી રહી છે, ત્યારે વિપક્ષી મહાગઠબંધન - જેમાં મુખ્યત્વે રાષ્ટ્રીય જનતા દળ (RJD) અને કોંગ્રેસનો સમાવેશ થાય છે - તેના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર અંગે અનિર્ણાયક છે. રાષ્ટ્રીય સ્તરના ભારતીય બ્લોકનો મુખ્ય ભાગ બનેલા આ ગઠબંધને હજુ સુધી સત્તાવાર રીતે તેજસ્વી યાદવને ટોચના પદ માટે સમર્થન આપ્યું નથી.

કોંગ્રેસના નેતા ઉદિત રાજે મંગળવારે અનિશ્ચિતતા ફરી શરૂ કરતા કહ્યું, ''તેઓ RJD માટે મુખ્ય પ્રધાનપદનો ચહેરો હોઈ શકે છે... પરંતુ ઈન્ડિયા બ્લોકનો મુખ્ય પ્રધાનપદનો ચહેરો સામૂહિક રીતે નક્કી કરવામાં આવશે. જુઓ, કોઈપણ પક્ષનો કોઈપણ સમર્થક તે કરી શકે છે, પરંતુ ઈન્ડિયા બ્લોકનો ઉમેદવાર હજુ સુધી નક્કી થયો નથી. ચાલો જોઈએ કે કોંગ્રેસ મુખ્યાલય શું નિર્ણય લે છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારના સૌથી મજબૂત હરીફ તરીકે જોવામાં આવ્યા હોવા છતાં, કોંગ્રેસે યાદવને ઔપચારિક રીતે સમર્થન આપવાનું ટાળ્યું છે. લાલુ પ્રસાદ યાદવના પુત્ર અને બે વખત નાયબ મુખ્ય પ્રધાન રહી ચૂકેલા RJD નેતા, ૨૦૨૦ ની ચૂંટણીમાં તેમના પક્ષને ૨૪૩ માંથી ૭૫ બેઠકો પર લઈ ગયા, જેનાથી આ પદ પરનો તેમનો દાવો મજબૂત બન્યો. ઓગસ્ટમાં, રાહુલ ગાંધીએ યાદવની ઉમેદવારી અંગે કોઈ પણ પ્રકારની પ્રતિબદ્ધતા આપવાનું ટાળ્યું હતું, અને કહ્યું હતું કે, ''ઈન્ડિયા બ્લોકના સાથી પક્ષો કોઈપણ તણાવ વિના સાથે મળીને કામ કરી રહ્યા છે. અમે સાથે મળીને ચૂંટણી લડીશું અને પરિણામો સારા આવશે.'' જોકે, ભાજપે આને ગઠબંધનની અંદરના આંતરિક ઝઘડાના પુરાવા તરીકે અર્થઘટન કર્યું.












# રાજકોટને વિકાસનો પ્રતિબિંબ દેખાડનાર અનેક વિશેષ પ્રોજેક્ટ્સ

## સૌની યોજના, ઈન્ટરનેશનલ એરપોર્ટ, રાજયની પ્રથમ એઈમ્સ સહિતના અનેક રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય પ્રકલ્પોથી બદલાઈ રાજકોટની રોનક

રાજકોટ, તા. ૭

ગુજરાતના વિકાસની જે વણથંભી યાત્રા શરૂ થઈ તેને તા. ૭ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ સફળતાપૂર્વક ૨૪ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. ગુજરાત સરકાર દ્વારા 'વિકાસ સપ્તાહ-૨૦૨૫'ની ઉજવણી કરવાની જાહેરાત કરવામાં આવી છે. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિધાનસભાની પ્રથમ ચૂંટણી રાજકોટથી લડ્યા હતા અને રાજ્યની શાસનધુરા સંભાળ્યા પછી નરેન્દ્રભાઈએ રાજકોટને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના અનેક પ્રકલ્પોની ભેટ આપી છે. જેના કારણે રાજકોટનો વિકાસ આસમાની બન્યો છે. શહેરના ઘણા એવા પ્રોજેક્ટસ, જેણે રાજકોટ જિલ્લાની રોનક બદલી નાંખી છે.

**સૌની યોજના :** સૌરાષ્ટ્રના લોકો તથા ખેડૂતોનું 'પાણીનું સંકટ' ટાળવા માટે તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'સૌની યોજના'ની જાહેરાત કરી હતી. જેના મીઠા ફળ સ્વરૂપે આજે સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિસ્તારો પાણીદાર બન્યા છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈના હસ્તે વર્ષ ૨૦૧૬માં સૌરાષ્ટ્રમાં આજી-૩ ડેમમાં 'સૌની' યોજના અંતર્ગત નર્મદાના નીર ઠલવાયાં હતાં. એ પછી કરોડોના ખર્ચે સતત આ યોજનાના કાર્યો ચાલી રહયા છે. ગત વર્ષે 'સૌની' યોજનાની લિન્ક-૩નાં પેકેજ-૮ અને પેકેજ૯નું કાર્ય અંદાજે રૂ. ૩૯૩.૬૭ કરોડના ખર્ચે સંપન્ન થયું છે. આ પેકેજથી સૌરાષ્ટ્રના ૫૨,૩૦૦ એકરથી વધુ વિસ્તારમાં સિંચાઈની સુવિધા વધુ સઘન બનવા પામી છે. આ સાથે આસપાસના ૧૦૦ જેટલાં ગામોના આશરે એક લાખ જેટલા લોકોને પીવાનું પાણી પૂરતી માત્રામાં મળવા લાગ્યું છે.

**રાજ્યની પ્રથમ એઈમ્સ હોસ્પિટલ :** રાજકોટના પરાપીપળીયા ખાતે રૂપિયા ૧૨૦૦ કરોડના ખર્ચે ગુજરાતની પ્રથમ એઈમ્સ નિર્માણ પામી છે. આ એઈમ્સનું ખાતમુહૂર્ત તેમજ લોકાર્પણ નરેન્દ્રભાઈ મોદીના હસ્તે થયું હતું. ૨૦૧ એકરમાં ૭૫૦ બેડની મલ્ટી તેમજ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ અનેક દર્દીઓ માટે આશીર્વાદરૂપ બની છે. અહીં ઓ.પી.ડી. ઉપરાંત દર્દીને ઘર બેઠા સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર્સના માર્ગદર્શનની સવલત ટેલિમેડિસીન સર્વિસ થકી મળી રહી છે. અહીં રોજ સરેરાશ ૧૦૦૦થી વધુ દર્દીઓ ઓ.પી.ડી.માં આવી રહ્યા છે. હાલ ૨૫૦ બેડની ઈન્ડોર સેવા ઉપલબ્ધ છે. એઈમ્સ મેડિકલ કોલેજમાં ૨૫૦ વિદ્યાર્થીઓ એમ.બી.બી.એસ.માં અભ્યાસ કરી રહ્યા છે, ૩૦ વિદ્યાર્થીઓ પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ કરી રહ્યા છે.

**રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ :** વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશીતાના પરિણામે રાજકોટ નજીક હીરાસર પાસે ઈન્ટરનેશનલ એરપોર્ટ સાકાર થયું છે. રૂ.૧૪૦૦ કરોડના ખર્ચે નિર્મિત આ એરપોર્ટનું જૂલાઈ-૨૦૨૩માં વડાપ્રધાન એ લોકાર્પણ કર્યું હતું. આ એરપોર્ટના લીધે રાજકોટ, મોરબી સહિતના સૌરાષ્ટ્રના ઉદ્યોગોને ફાયદો મળવા લાગ્યો છે.

**લાઈટ હાઉસ પ્રોજેક્ટ :** દેશના મહત્વનાં છ સ્થળો પૈકી રાજકોટ ખાતે અફોર્ડેબલ લાઈટ હાઉસ ટેકનોલોજી અંતર્ગત ૧૧૦૦થી વધુ મકાનોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. ડ્રીમ પ્રોજેક્ટ એવા લાઈટ હાઉસ સ્માર્ટ સીટી એરિયામાં ટનલ ફોર્મવર્ક ટેકનોલોજી આધારિત ગ્લોબલ હાઉસિંગ ટેકનોલોજી ચેલેન્જ-લાઈટ હાઉસ પ્રોજેક્ટ માટે રૂ. ૧૧૮ કરોડના ખર્ચે EWS-II (૪૦.૦૦ ચો.મી ) પ્રકારના ૧૧૪૪ આવાસો (G+13) નું નિર્માણ કરવામાં આવેલું છે.

**અટલ સરોવર :** રાજકોટની પાસે ૩૬ એકર વિસ્તારમાં રૂ. ૧૩૬ કરોડના ખર્ચે અટલ સરોવર તથા એમ્યુઝમેન્ટ પાર્કનું નિર્માણ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું છે. અહીંનો લાઇટ એન્ડ સાઉન્ડ શો શહેરીજનોના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

**રીજિયોનલ સાયન્સ સેન્ટર :** રાજકોટના ઈશ્વરિયા પાર્ક નજીક રૂ. ૮૫ કરોડના ખર્ચે ૧૦ એકરમાં સ્થાપિત 'પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર' આજે સૌરાષ્ટ્ર-કચ્છના અનેક વિદ્યાર્થીઓ, વિજ્ઞાનપ્રેમીઓ તથા જિજ્ઞાસુ લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તેનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ ભવ્ય કેન્દ્રમાં છ અનોખી થીમ આધારિત ગેલેરીઓ છે હાઉ-ટુ-સ્ટફ વર્ક, મશીન એન્ડ એન્જિનિયરિંગ, નોબેલ પ્રાઈઝ, રોબોટીક્સ, સિરામિક એન્ડ ગ્લાસ અને લાઈફ સાયન્સ જે પ્રાચીનથી અર્વાચીન યુગ સુધીની વિજ્ઞાન યાત્રા કરાવે છે. પિરામિડ જેવી રચના ધરાવતું આ સેન્ટર ૧૮ આર્ક ડિઝાઈન સાથે ગ્રાઉન્ડ અને ફર્સ્ટ ફ્લોરમાં વહેંચાયેલું છે, જેમાં વર્કશોપ, ૩ડી થિયેટર, ઈન્ટરેક્ટિવ મોડેલ્સ, ક્લીન એનર્જી માટે ૯૫ કે.વી. સોલાર પ્લાન્ટ અને બાળકો માટે રમુજ સાથે ભણાવતી ગેમ્સ સહિત ઘણી સુવિધાઓ છે. રોબોટ્સ, ૩ડી પ્રિન્ટિંગ, ઈકોસિસ્ટમ, મશીનોના ઈનોવેટિવ મોડેલ્સ અને ટેકનોલોજીના અનુભવથી છવાયેલું આ કેન્દ્ર વિદ્યાર્થી, શિક્ષક અને વિજ્ઞાનપ્રેમી દરેક માટે પ્રેરણાનું કેન્દ્ર બની રહ્યું છે.

**સિંગલ પિયર સિક્સલેન એલિવેટેડ ઓવરબ્રિજ તથા કે.કે.વી. મલ્ટી લેવલ બ્રિજ :** શહેરોને વર્લ્ડ કલાસ બનાવવાની વડાપ્રધાનશ્રીની નેમને સાકાર કરતાં રાજકોટમાં વિવિધ ટ્રાફિક જંકશન પર ઓવરબ્રિજનું નિર્માણ કરાયું છે. ગોંડલ ચોકડી પર નિર્મિત છ લેન એલિવેટેડ ઓવરબ્રિજ રાજ્યનો પહેલો સિંગલ પિયર ફ્લાયઓવર છે. એટલે કે એક જ થાંભલા પર છ લેનનો બ્રિજ તૈયાર કરાયો છે. દેશભરમાં અત્યાર સુધીમાં આવા ત્રણ બ્રિજ બન્યા છે. આ ૧.૨ કિલોમીટર લાંબો ઓવરબ્રિજ રૂ. ૯૦ કરોડના ખર્ચે તૈયાર કરાયો છે. આ ઓવરબ્રિજ ૧૫૦ ફૂટ રિંગરોડ, ગોંડલ રોડ અને અમદાવાદ નેશનલ હાઈ-વે એમ ત્રણ તરફ ખુલે છે. રાજકોટમાં કાલાવડ રોડ-૧૫૦ ફૂટ રોડ ઉપર રૂ. ૧૩૦ કરોડના ખર્ચે ડબલ ડેકર બ્રિજ બનાવવામાં આવ્યો છે. એક બ્રિજ પર ૧૫ મીટરની હાઈટનો મલ્ટી લેવલ બ્રિજ બનાવવામાં આવ્યો છે, બંને બાજુ સર્વિસ રોડ તથા બ્રિજ નીચે પાર્કિંગની સુવિધા છે.

**મહાત્મા ગાંધી મ્યુઝિયમ :** મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૧૮માં રૂપિયા ૧૨૬ કરોડના ખર્ચે રાજકોટમાં નિર્માણ પામેલા વૈશ્વિક કક્ષાના ગાંધી મ્યુઝીયમનું ઉદઘાટન કર્યુ હતું. રાષ્ટ્રપિતા પૂ. મહાત્મા ગાંધીજીએ જે સ્કૂલમાં ભણી પાયાનું શિક્ષણ મેળવ્યું હતું તે આલ્ફ્રેડ હાઈસ્કૂલ ખાતે હવે આધુનિક વૈશ્વિકકક્ષાનું ગાંધી મ્યુઝિયમ બન્યું છે. અહીં બાપુના વિચારનું અને સ્વાનુભૂતિનું કેન્દ્ર બનાવવામાં આવ્યું છે. મહાત્મા ગાંધી મ્યુઝિયમ થકી રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની રાજકોટ સાથે જોડાયેલી સ્મૃતિઓને કાયમ જીવંત રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. મલ્ટીમીડિયા વીડિયો પ્રોજેકશન, ૩-ડ પ્રોજેકશન મેપિંગ ફિલ્મથી ગાંધીજીવન તાદ્રશ્ય થાય છે. ગાંધી લાઈબ્રેરી, મ્યુરલ, પ્રાર્થના હોલ, સુવિધાથી સજ્જ આ મ્યુઝિયમ છે.

**રામવન-ધ અર્બન ફોરેસ્ટ :** રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી ડેમ નજીક ૪૭ એકર જમીનમાં નવનિર્મિત રામ વન ધ અર્બન ફોરેસ્ટ નવું પ્રવાસન સ્થળ બન્યું છે. રાજકોટમાં રામવનના નિર્માણે 'ગ્રીન રાજકોટ ક્લીન રાજકોટ'ના સૂત્રને સાર્થક કર્યું છે. પર્યાવરણ સાથે તાદાત્મ્ય રાખીને સર્વગ્રાહી અને સર્વસમાવેશી રીતે સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરીને નવો ચીલો ચીતર્યો છે. મુખ્ય દરવાજો ધનુષબાણ આકારનો છે અને અહીં ભગવાનશ્રી રામના જીવનકવનને વિવિધ ચિત્રો, મ્યુરલ, પ્રતિમા થકી જીવંત કરવાનો પ્રયત્ન કરાયો છે. રાજકોટમાં નિર્માણ પામેલાં ''રામવન અર્બન ફોરેસ્ટ'' ભાવિ પેઢીને કુદરતી વાતાવરણ સાથે જોડી રાખવા ઉપરાંત પ્રદૂષણ અટકાવવા અને પર્યાવરણનું જતન કરવામાં ખૂબ મહત્વનું પુરવાર થશે.

# પૈસા માટે બે સગીર વાહનચોરીના રવાડે : લોક વગરના ત્રણ હોન્ડા ચોર્યા

## LCB ઝોન-૨ PSI આર. એચ. ઝાલા અને ટીમે રાજકોટ-જેતપુરની ચોરીઓ ઉકેલી

**રાજકોટ:** મોજશોખ માટે અનેક શખ્સો વાહન ચોરીના કે ઘરફોડ ચોરીના રવાડે ચડતાં હોય છે. દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમે એવા બે સગીરને પકડ્યા છે જે પૈસા માટે થઈને વાહનચોરીના રવાડે ચડ્યા હતાં. રાત્રીના સમયે આ બંનેએ હેન્ડલ લોક કરેલા ન હોય તેવા ત્રણ વાહન રાજકોટ, જેતપુરમાં ચોરી કર્યા હોઇ આ વાહનો કબ્જે કરવામાં આવ્યા છે. વિગતો જોઈએ તો શહેરના યુનિવર્સિટી પોલીસ સ્ટેશન હેઠળના રૈયા રોડ રામેશ્વર પાર્ક ખાતેથી એક બાઇક ચોરાયું હતું. એ જ રીતે બાર દિવસ પહેલા માલવીયાનગર પોલીસ સ્ટેશન હેઠળના મવડી ચોકડી પાસેથી એક બાઇ ચોરાઈ ગયું હતું. આ બનાવ અંગે ગુના દાખલ થયા હતાં. દરમિયાન એલસીબી ઝોન-૨ ટીમને મળેલી ચોક્કસ બાતમી પરથી બે સગીરને એક બાઈક સાથે પકડી લઇ પુછતાછ કરવામાં આવતાં બંનેએ કુલ ત્રણ બાઇકની ચોરી કર્યાનું કબુલતાં આ વાહનો કબ્જે કરાયા હતાં. ત્રણ પૈકી બે વાહન રાજકોટમાં અને એક જેતપુરમાંથી ચોરી કર્યુ હતું. આ બંને સગીર રાતના સમયે નીકળતાં હતાં અને હેન્ડલ લોક ન હોય તેવા વાહન ચેક કરી ચોરી કરી લેતાં હતાં. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી રાકેશ દેસાઈની સુચના અંતર્ગત પીએસઆઈ આર. એચ. ઝાલા, એએસઆઇ જે. વી. ગોહિલ, રાજેશભાઇ મિયાત્રા, હેડકોન્સ. રાહુલભાઈ ગોહેલ, શક્તિસિંહ ગોહિલ, હેમેન્દ્રભાઈ વાઘીયા, અનીલભાઈ જીલરીયા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, અંકિતભાઈ નિમાવત અને અમીનભાઈ ભલુરે આ કામગીરી કરી હતી. સગીરોએ વધુ કોઇ આ પ્રકારના કૃત્ય કર્યા છે કે કેમ? તેની તપાસ પણ કરવામાં આવી હતી.

# ગોંડલથી બસ લઈ રાજકોટ આવેલા પ્રૌંઢનું મૃત્યુ

## મારવાડી કોલેજ ખાતે હતાં ત્યારે હૃદયરોગનો હુમલો આવ્યો

**રાજકોટ:** જિંદગી તો બેવફા હૈ...આ વાત વધુ એક વખત સાચી ઠરી છે. ગોંડલથી છાત્રોને બસમાં બેસાડી રાજકોટ મારવાડી કોલેજ ખાતે આવેલા ડ્રાઈવર પ્રૌઢનું કોલેજ ખાતે હૃદય રોગનો હુમલો આવતાં મૃત્યુ થયું હતું. ગોંડલની આશાપુરા સોસાયટીમાં રહેતાં ત્રેપન વર્ષના શક્તિસિંહ હેમતસિંહ પરમાર રાજકોટ મોરબી હાઇવે પર બેડી નજીક આવેલી મારવાડી કોલેજ ખાતે હતાં ત્યારે એકાએક બેભાન થઈજતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થતાં ગમગીની છવાઇ ગઇ હતી. મૃત્યુ પામનાર શક્તિસિંહ બે ભાઇમાં મોટા હતાં. સંતાનમાં બે દિકરી અને એક દિકરો છે. પોતે બસ ડ્રાઈવીંગ કરતાં હતાં. ગોંડલથી છાત્રોને લઇને તેઓ મારવાડી કોલેજ ખાતે આવ્યા હતાં. બપોરે બે વાગ્યે પરત ગોંડલ જવાનું હતું. સ્ટાફ સાથે જમવાની તૈયારી કરતાં હતાં ત્યારે અચાનક ઢળી પડ્યા બાદ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફ મારફત બનાવની જાણ થતાં મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવી કુવાડવા રોડ પોલીસે કાર્યવાહી કરી હતી.

# બિમારીથી થાકી ભારતનગરના યુવાને જીવ દીધો

## પરિવારજનો ગરબી જોઇને આવ્યા ત્યાં દિલીપભાઇ લટકતા જોવા મળ્યા

**રાજકોટ:** આત્મહત્યાની એક ઘટનામાં કાલાવડ રોડ ભારતનગર મુખ્યમંત્રી આવાસ યોજના કવાર્ટરમાં બીમારીથી કંટાળી યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ભારતનગર મુખ્યમંત્રી આવાસ યોજનાના કવાર્ટરમાં એ-૨૧૧માં રહેતા દિલિપભાઇ કાનજીભાઇ રાઠોડ નામના તેતાલીસ વર્ષના યુવાને ઘરે દુપટ્ટો બારીની લોખંડની જાળી સાથે બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. સુત્રોના જણાવ્યા મુજબ પુનમ હોઇ તેથી પરિવારજનો કવાર્ટરમાં ગરબી જોવા ગયા હતાં. ત્યાંથી પરત આવતા દીલીપભાઇને લટકતી હાલતમાં જોઇ દેકારો મચાવતા આસપાસના લોકો એકઠા થઇ ગયા હતા. બાદ કોઇએ ૧૦૮માં જાણ કરતા ૧૦૮ની ટીમે સ્થળ પર પહોંચી ઇએમટી તબિબ વિજયભાઇ ગઢવીએ સ્થળ પર પહોંચી તપાસ કરતા તેનું મૃત્યુ નિપજ્યું હોવાનુ જણાતા પોલીસને જાણ કરવામાં આવી હતી. જાણ થતા તાલુકા પોલીસના અએસઆઇ નીલેશભાઇ ચાવડા સહિતે સ્થળ પર પહોંચી તપાસ હથધરી હતી. પોલીસની તપાસમાં મૃતક દિલિપભાઇને લીવર, ફેફસાની બીમારીના કારણે તેને દોશી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બે દિવસ પહેલા જ હોસ્પિટલમાંથી રજા આપ્યા બાદ તેમણે અંતિમ પગલુ ભરી લીધુ હતું.

# પંદર વર્ષની બાળા વાહન લઈ નીકળ્યા બાદ ગાયબઃ અપહરણનો ગુનો

## ઘંટેશ્વર વિસ્તારમાં રહેતાં બાળાના માતાની યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ

**રાજકોટ:** અપહરણની વધુ એક ઘટના પોલીસ ચોપડે ચડી છે. વધુ એક સગીરાનું અપહરણ થયું છે. જામનગર રોડ ઘંટેશ્વર વિસ્તારમાં રહેતી પંદર વર્ષની સગીરા ટુ-વ્હીલર લઈને ઘરેથી નિકળ્યા બાદ પરત ન આવતા યુનિવર્સિટી પોલીસે કાર્યવાહી કરી હતી. ઘંટેશ્વર વિસ્તારમાં રહેતી પંદર વર્ષની સગીરા ગત તા.૨૮/૯/ના રોજ ઘરે હતી ત્યારે. તેની માતા સાથે કામ બાબતે બોલાચાલી થતા તે ટુ-વ્હીલર લઈને ઘરેથી નીકળી ગઇ હતી બાદ સગીરા ઘરે ન આવી નહોતી. શોધખોળ બાદ પણ દિકરી ન મળતાં માતાએ જાણકરતા સગીરાના પિતા તુરતજ ઘરે આવ્યા બાદ બંનેએ સગીરાની સગાસંબંધી તથા મિત્રવર્તુળોમાં તપાસ કરતા સગીરાનો કોઇ પતો ન લાગતા યુનિવર્સિટી પોલીસમાંજાણ કરતા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ અપહરણની કલમહેઠળ ગુનો દાખલ કરી પીએસઆઇ ડી.બી. કારેથાએ તપાસ શરૂ કરી હતી.

# મારામારીમાં સામેલ વિવેકાનંદનગરનો ઉદય પાસામાં

## એ-ડિવીઝન પોલીસે વોરન્ટ બજવી જુનાગઢ જેલમાં ધકેલ્યો

**રાજકોટ:** વધુ એક છાપેલા કાટલાને પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ પાસા તળે જેલમાં ધકેલી દીધો છે. એ-ડીવીઝન પોલીસ મથકમાં નોંધાયેલા મારામારીના બે ગુનામાં સામેલ કોઠારીયા રોડ વિવેકાનંદનગરના વીસ વર્ષના ઉદય અલ્પેશભાઇ ઠાકરને પાસામાં ધકેલવા માટે પીસીબીના પીઆઇ એમ. આર. ગોંડલીયા, એ.એસ.આઇ. રાજુભાઇ દહેકવાલ તથા હેડકોન્સ ઇન્દ્રજીતસિંહ સીસોદીયા સહિત દરખાસ્ત કરતા પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાએ વોરંટ ઇશ્યુ કરતા એ ડીવીઝન પોલીસ મથકના પીઆઇ બી.વી. બોરીસાગરના માર્ગદર્શન હેઠળ પીએસઆઇ એસ.એમ. રાણા તથા એ.એસ.આઇ.બી.વી.ગોહિલ તથા સ્ટાફે ઉદય ઠાકરની પાસા હેઠળ અટકાયત કરી વોરંટની બજવણી કરી જૂનાગઢ જેલભેગો કરવા કાર્યવાહી કરી હતી.

# ટેરો કાર્ડ રીડરનું હોટેલમાં હાર્ટએટેકથી મૃત્યુ

## કેપ્ટન માઇક પટેલ તરીકે ઓળખાતા વૃધ્ધ મુળ મોટી મેંગણીના વતની હતાં

**રાજકોટ:** દર બે મહિને લંડનથી રાજકોટ આવતાં હતાં. લંડન રહેતાં મુકુંદભાઇ કુરજીભાઇ પટેલ ગત ચોથી ઓક્ટોબરના રોજ લંડનથી રાજકોટ આવ્યા હતાં અને અહિ ડો. યાજ્ઞિક રોડ પર આવેલી ધ ઇમ્પિરીયલ પેલેસ હોટેલ ખાતે રોકાયા હતાં. તેઓ ટેરો કાર્ડ રીડર-જ્યોતિષ તરીકે કામ કરતાં હતાં. આ કારણે દર બે મહિને રાજકોટ આવતાં હતાં. તેઓ બે ભાઇ અને એક બહેનમાં મોટા અને અપરિણીત હતાં. મોટી મેંગણીના વતની મુકુંદભાઇ પટેલ અને તેમના બીજા ભાઇઓ, બહેન સહિતના વર્ષોથી લંડન સ્થાયી થયા છે. મુકુંદભાઇ પટેલ કે જેઓ પાઇલોટનું લાયસન્સ ધરાવતાં હોઇ કેપ્ટન માઇક પટેલ તરીકે પણ ઓળખાતા હતાં. ટેરો કાર્ડ રીડરના અચ્છા જાણકાર એવા મુકુંદભાઇ ગત સાંજે હોટેલ ખાતે હતાં ત્યારે હૃદય રોગનો હુમલો આવતાં તેમની સાથેના વ્યક્તિએ ૧૦૮ બોલાવી હતી. મુકુંદભાઇને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં અને રાજકોટ રહેતાં સગાઓને જાણ કરતાં બધા હોસ્પિટલે પહોંચ્યા હતાં. જો કે સારવાર દરમિયાન મુકુંદભાઇ પટેલનું મૃત્યુ નિપજતાં શોક છવાઇ ગયો હતો. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ ચાવડા, પ્રકાશભાઇ રાઠોડ, ધર્મેન્દ્રભાઇ હુદડે જાણ કરતાં એ-ડિવીઝનના હેડકોન્સ. રમેશભાઇ ચૌહાણે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

### માતેલા સાંઢની જેમ દોડતાં નંબર વગરના જોખમી ડમ્પરો સામે કોંગ્રેસનો આક્રોશ

# ટ્રાફિક પોલીસ ડમ્પરના દૂષણ સામે કેમ કાઢે છે લાજ?

## ઉચ્ચ પોલીસ અધિકારીઓ એ.સી. ચેમ્બર છોડી ફિલ્ડમાં નીકળી વાહનચાલકોની, નાગરિકોની સમસ્યાને જાણે અને નિવારણ લાવે તેવી ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, અતુલ રાજાણીની રજૂઆત

રાજકોટ તા. ૭

શહેરમાં એક તરફ ટ્રાફિક સમસ્યા ભરપુર છે તો બીજી તરફ ટ્રાફિક પોલીસ આ સમસ્યાને ધ્યાને લેવાને બદલે નાના વાહનચાલકોને દંડના ડામ દેવામાં જ વ્યસ્ત રહે છે. તેની સામે માતેલા સાંઢની જેમ દોડતા નંબર વગરના અને વન-વેમાં પણ ઘુસી જતાં જીવલેણ જોખમી ડમ્પરોના દૂષણ સામે પોલીસ શાંત છે કે પછી જાણી જોઇને આંખ આડા કાન કરે છે? તેવા સવાલો શહેર કોંગ્રેસના આગેવાનોએ ઉઠાવી ડમ્પરના દૂષણને ડામવા ઉચ્ચ પોલીસ અધિકારીઓ એ.સી. ચેમ્બર છોડી ફિલ્ડમાં નીકળી સમસ્યાને જાણે અને તેનું નિવારણ કરે તેવી માંગણી કરી છે.







શહેરમાં હપ્તાખોરીને કારણે નિરંકુશ બનીને દોડતાં ડમ્પરો અવાર-નવાર નિર્દોષ નાગરિકોનો ભોગ લઇ રહ્યા છે. ઘણીવાર તો નશાખોર ડ્રાઇવર બેફામ બની જતો હોય છે અને ડમ્પરની ઠોકરે વાહનોને, લોકોને ઉલાળી દેતો હોય છે. વિકરાળ ટ્રાફિક સમસ્યા વચ્ચે નિરંકુશ ડમ્પરોનું દૂષણ ઘર કરી ગયું હોવાનો આક્રોશ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ શ્રીમતી ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, પુર્વ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણી, અગ્રણી-એડવોકેટ અશોકસિંહ વાઘેલા સહિતે કર્યો છે અને આ મામલે સંબંધીત તંત્રવાહકો આંખ ઉઘાડી લોકોની જિંદગી બચાવે તેવી રજૂઆત કરી છે. આગેવાનોએ રજૂઆતમાં જણાવ્યું છે કે ભાજપના રાજમાં ટ્રાફિક શાખામાં ભ્રષ્ટાચાર ફાલ્યો ફુલ્યો હોવાનું લોકમુખે ચર્ચાઇ રહ્યું છે. બીજી તરફ મીઠી નજર તળે ગેરકાયેદસર બેફામ દોડતાં ડમ્પરો લોકોનો ભોગ લઇ રહ્યા છે. ડમ્પરોને કારણે જીવલેણ અકસ્માત સર્જાયા હોઇ અનેક પરિવારના માળા વેરવિખેર થઇ ગયા છે, થઇ રહ્યા છે.

ત્યારે તંત્રવાહકો નીંભર થઇ તમાશો જોઇ રહ્યા છે. શહેરમાં ખુલ્લેઆમ વેચાતા દેશી અને અંગ્રેજી દારૂને ઢીંચીને અમુક ડમ્પરચાલકો બેફામ સ્પીડથી ડમ્પર હંકારી બીજા માટે અને પોતાના માટે જોખમી, જીવલેણ બની જાય છે. આવા ડમ્પર ચાલકો સામે કાર્યવાહી કરવામા શહેરનું પોલીસ તંત્ર અને આટીઓ વિભાગ વામણું પુરવા થઇ રહ્યાનો પ્રજામાં રોષ છે. સામાન્ય નાગરિકો ન હેલ્મેટના નામે કે સિગ્નલ તોડવાના નામે, કાળા કાચ પીયુસીના નામે દંડ ફટકારી વસુલાત કરતી ટ્રાફિક પોલીસ નંબર પ્લેટ વગર ઓવરલોડીંગ સાથે નો-એન્ટ્રીમાં વાંરમવાંર ઘુસી જતા ડમ્પરો કેમ દેખાતા નથી? જોખમી જીવલેણ બની જતાં આવા ડમ્પરોને કાબૂમાં લેવા ઉચ્ચ અધિકારીઓ એસી ચેમ્બર છોડી બહાર આવે તો પ્રજાની પીડા દેખાઇ શકે. ખુદ અધિકારીઓએ આ માટે ફિલ્ડમાં ઉતરવાની જરૂર છે. તેમ કોંગ્રેસના આગેવાનોએ વધુમાં જણાવ્યું છે.

# નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા ૧૫મી એ રાજકોટના પ્રવાસે

## ૧૦ થી ૧૭ ઓક્ટોબર સુધી મહાનગરોની યાત્રા કરી સંગઠન મજબૂત કરવા હાથ ધરશે તજવીજ : રાજકોટ મુલાકાત બનશે મહત્વપૂર્ણ



રાજકોટ, તા. ૭

નવનિયુક્ત ગુજરાત પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા હાલ સંગઠનને મજબૂત બનાવવા માટે આગામી ૧૭ સુધી સમગ્ર ગુજરાતમાં પ્રવાસ ખેડશે અને સંગઠન મજબૂત કેવી રીતે કરવું તે દિશામાં સ્થાનિક નેતાઓ તથા પક્ષના આગેવાનો અને કાર્યકરો સાથે વાતચીત કરશે. ત્યારે ૧૦ તારીખથી ૧૭ તારીખ દરમિયાન ગુજરાતના ચારેય ઝોનમાં જિલ્લા વાઈસ પ્રવાસ કરવામાં આવનાર છે અને રાજકોટમાં ૧૫ ઓક્ટોબર ના રોજ આવે તેવી સંભાવનાઓ ભાર વ્યક્ત થઈ રહી છે.

ગુજરાત ભાજપના નવા પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ વિધિવત ચાર્જ સંભાળ્યા બાદ ગઈકાલે પ્રદેશ કાર્યાલય ખાતે પ્રશિક્ષણ સમિતિના પ્રદેશ નેતાઓ સાથે બેઠક યોજી હતી અને આગામી તા.૧૦ થી ૧૭ ગુજરાતભરમાં પ્રદેશ પ્રમુખનો પ્રવાસ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ જગદીશ વિશ્વકર્મા તા.૧૦ થી ૧૭ ઓકટોબર દરમિયાન ગુજરાતના ચારેય ઝોનમાં જિલ્લા વાઈઝ પ્રવાસ કરનાર છે અને રાજકોટમાં તા.૧૫મી ઓકટોબરના રોજ આવે તેવી શકયતા છે. જો કે હજુ કાર્યક્રમ ફાઈનલ થયો નથી. શહેર ભાજપ પ્રમુખ માધવ દવેનો સંપર્ક કરતાં તેમણે જણાવેલ કે, હજુ પ્રદેશ પ્રમુખનો રાજકોટનો કાર્યક્રમ ગોઠવાઈ રહ્યો છે. સાંજ સુધીમાં પાર્ટીમાંથી કાર્યક્રમ આવી જવાની આશા છે.

સુત્રોના કહેવા મુજબ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા સતત એક અઠવાડિયું ગુજરાતનો પ્રવાસ કરનાર છે. તા.૧૦ મીએ અંબાજીથી ગુજરાતના પ્રવાસની શરૂઆત કરશે અને પ્રથમ રાઉન્ડમાં મહાનગરોનો પ્રવાસ કરી સંગઠનના લોકો સાતે બેઠકો યોજાનાર હોવાનું જાણવા મળે છે.ભાજપના પ્રદેશ પ્રમુખ બન્યા બાદ જગદીશ વિશ્વકર્માનો રાજ્યભરનો પ્રવાસ ગોઠવાઈ રહ્યો હોય સંગઠનના લોકો તેમનું ભવ્ય સ્વાગત કરવા આયોજન કરી રહ્યાં છે. આ પ્રવાસ દરમિયાન શહેર જિલ્લાના સંગઠનોમાં બાકી નિમણૂંકો અંગે પણ નિર્ણયો લેવાય તેવી શકયતા છે.

જગદીશ વિશ્વકર્મા નો આ પ્રવાસ આગામી મહાનગરપાલિકાની ચૂંટણી માટે પણ ખૂબ મહત્વનો પુરવાર થશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી કારણ કે રાજકોટ ભાજપની જો વાત કરવામાં આવે તો શેર ભાજપમાં ક્યાંક ને ક્યાંક છે જે વિખવાદ જોવા મળી રહ્યો છે તે અત્યંત અલગ છે ત્યારે આ વિવાદને શાંત પાડવા માટે હાલ જરૂરી પગલાઓ લેવામાં આવે તે ખૂબ જરૂરી છે ત્યારે જગદીશ વિશ્વ કરવા માટે આ એક કસોટી પણ માનવામાં આવી રહી છે કે રાજકોટનો જે પ્રશ્ન છે તેને કઈ રીતે સંભાળવામાં આવશે અને તેનો નિવારણ લવાશે.

# લુઝ ઘીના સેમ્પલ લેતું આરોગ્ય વિભાગ

## ૧૫ નમૂના લેબોરેટરી અર્થે તપાસમાં મોકલાયા, ૨૨ વિક્રેતાઓ પર હાથ ધરાઈ તપાસ

રાજકોટ, તા. ૭



દિવાળી તહેવાર નજીક હોવાના કારણે હાલ મીઠાઈઓનું વેચાણ અત્યારથી જ શરૂ થઈ ચૂક્યું છે ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા પણ હાલ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે જેમાં શુદ્ધ ઘીના નામે લોકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડા તો થતા નથી ને તે અંગેની માહિતી અને તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે ત્યારે ઘણા ખરા વિક્રતાઓ દ્વારા શુદ્ધ ઘીના નામે કેમિકલના પદાર્થથી જે ખોરાકો બનાવવામાં આવી રહ્યા છે તેનાથી લોકોને ઘણી હેરાનગતિનો સામનો કરવો પડી શકે તેમ છે ત્યારે તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આરોગ્ય વિભાગ દ્વારા તરોડા હાથ ધરવામાં આવી રહ્યા છે ત્યારે ગઈકાલે મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા ડ્રાઇવ યોજી અલગ અલગ દુકાનોમાંથી અમુલ, માહી સહિતાની નામાકિત કંપીનઓના શુધ્ધ ઘીના તેમજ અમૂક ડેરીઓ માંથી લુઝ શુધ્ધ ઘીના ૧૫ નમૂના લઈ પૃથ્કરણ અર્થે લેબમાં મોકલી આપ્યા હતા.તેમજ ખાણીપીણીના ૨૨ ધંધાર્થીઓને ત્યા ચકાસણી હાથ ધરી ૯ વેપારીને ફૂડ લાયસન્સ અંગે નોટીસ ફટકારી હતી.

ફૂડ વિભાગની ટીમ દ્વારા FSW વાન સાથે શહેરના જૂનો મોરબી રોડ વિસ્તારમાં આવેલ ખાધ્ય ચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૦ ધંધાર્થિઓને લાઇસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ. તેમજ ખાધ્યચીજોના કુલ ૨૨ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ. જેમાં ૧૦ પેઢીઓને લાયસન્સ મેળવવા બાબતે પણ નોટિસ પાઠવવામાં આવી હતી જેમાં નકળંગ ફૂડ ઝોન, રાધેશ્યામ ડેરી ફાર્મ, શ્રી ભવાની પ્રોવિઝન સ્ટોર, પ્રિન્સ આઈસ્ક્રીમ, શિવ શક્તિ દાળ પકવાન, ફોર રોલ્સ લાઈવ આઈસ્ક્રીમ, રઘુવીર ગાંઠીયા , રઘુવીર પાન એન્ડ કોલ્ડ્રીંક્સ, રાજ ખોડલ સુપર માર્કેટ, ક્રિન્શ બદામ શેકને લાયસન્સ મેળવવા બાબતે સૂચિત કરવામાં આવ્યા હતા તો બીજી તરફ

ગિરિરાજ રેસ્ટોરેન્ટ, ગિરિરાજ ગાંઠિયા, જય જલારામ પ્રોવિઝન સ્ટોર, શ્રી સોમનાથ ડેરી ફાર્મ, લક્ષ્મી ફરસાણ,કેશવ બેકરી, સતનામ આઇસ્ક્રીમ , ચામુંડા ફરસાણ, સોહમ ટ્રેડિંગ, હિમાલય સોડા શોપ, ગુરુકુપા સિઝન સ્ટોર , શિવ બેકરીની ચકાસણી કરવામાં આવી હતી.

# ભુતીયા નળ કનેક્શન ધરાવતી મિલકતોનો થશે સર્વે

## મિલકતોનું જીઓ ટેગિંગનું કામ અધરતાલ : જૂની એજન્સી એ ૭૦ ટકા કામ કર્યું, બાકી રહેતા કામ માટે નવી એજન્સી શોધવા ટેન્ડર પ્રસિદ્ધ

રાજકોટ, તા. ૭

મહાનગરપાલિકા દ્વારા ખાસ જે પણ યોજનાઓ અમલી બનાવવામાં આવતી હોય છે તેમાં કોઈકને કોઈક ક્ષતિ તો જોવા મળે જ છે અને સમયાંતરે તે અંગે અનેકવિધ ફરિયાદો પણ ઉઠવા પામતી હોય છે પરિણામ સ્વરૂપે જે કામગીરી ઝડપભેર થવી જોઈએ તે થઈ શકતી નથી આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ આગામી દિવસોમાં જે કામગીરી હાથ ધરવામાં આવે તેની યોગ્ય વ્યવસ્થા ઉભી કરાઈ તે હેતુસર અત્યારે બાકી રહી ગયેલી મિલકતોનું જીઓ ટેગિંગનુ કામ અન્ય એજન્સીને સોંપવાની તજવીજ હાથ ધરવામાં આવી છે અને તે માટેનું ટેન્ડર પણ પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ ૭૦ ટકા કામ જુની એજન્સી એ કરી નાખ્યું છે પરંતુ તેમાં ક્ષતિઓ હોવાના કારણે અનેક ફરિયાદો ઉઠવા પામી હતી જે બાદ મહાનગરપાલિકા અન્ય એજન્સીને કામ સોપવાનું નક્કી કર્યું.

રાજકોટ શહેરમા મનપાની હદમાં આવેલ ૫.૩૦ લાખથી વધુ મિલકતોનો તમામ બાયોડેટા એક ક્લિકથી ઉપલબ્ધ થાય તે હેતુથી મનપાએ તમામ મિલકતોનું જીઓ ટેગીંગ કરવા માટે એજન્સીને કામ સોંપેલ પરંતુ એજન્સીએ ૭૦% કામ કરી હાથ ઉચા કરી દેતા હવે મનપા જીઓ ટેગીંગ માટે નવી એજન્સીને કામ આપવાનું ટેન્ડર પ્રસિધ્ધ કર્યુ છે. સાથોસાથ તમામ ઘરનો સર્વે કરી ભૂતિયા નળ જોડાણો દૂર કરી બાકી રહી ગયેલા નળ જોડાણોને વેરા બિલમાં ઈનવર્ડ કરવવા સહિતની કામગીરી માટે ત્રણેય ઝોનમાં ફોજ ઉતારશે તેમ જાણવા મળેલ છે.

મનપાના વેરા વિભાગ માથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ શહેરમાં આવેલ અંદાજે ૫.૩૦ લાખ મિલકતોનું લોકેશન તથા બાંધકામની વિગત અને નળ જોડાણ ડ્રેનેજ સહિતના કનેકશનો અંગેની સંપૂર્ણ માહિતી એપ્લીકેશન ઉપર એક ક્લિકથી જાણી શકાય તે માટે બાયોડેટા તૈયાર કરવા જીઓ ટેગીંગની કામગીરી એજન્સીને આપવામાં આવી હતી. એજન્સી દ્વારા ૭૦% કામગીરી પૂર્ણ કર્યા બાદ અનેક બેદરકારીઓ સામે આવતા આ એજન્સીને નોટિસ આપવામાં આવેલ ત્યારબાદ ઘણા સમયથી કામ બંધ થયેલ છે.

તેવી જ રીતે નિયત કરેલ નળ કનેકશનો મારફતે આપવામાં આવતુ પાણી ઉપરાંત વધારાનુ પાણી વેડફાય જતુ હોવાથી આજસુધી બંધ રહેલ ભૂતિયા નળ જોડાણો શોધવાની કામગીરી પણ એજન્સીના મારફતે કરવામાં આવશે. ડોર ટુ ડોર સર્વે દરમિયાન ૪૫૦૦૦થી વધુ ભૂતિયા નળ જોડાણો બહાર આવવાની શકયતા જોવાઇ રહી છે. હાલ તંત્ર દ્વારા એજન્સીની માણસો મારફતે ત્રણથી ચાર માસમાં કાર્યવાહી પૂર્ણ કરવામાં આવશે.

રાજકોટ શહેરમાં વર્ષો પહેલા નળ જોડાણો નામ અને શેરી નંબરના આધારે આપી દેવામાં આવતા હતા અને આ કામગીરી મેન્યુઅલ થતી હતી. ત્યારબાદ સંપૂર્ણ કાર્યવાહી કોમ્પ્યુટર રાઇઝડ થઇ જતા તેમજ અલગથી આવતા પાણી વેરા બિલનો મિલકત વેરા બિલમાં સમાવેશ થઇ જતા મન્યુઅલી નોંધવામાં આવેલ નળ જોડાણોનું વેરા બિલમાં લિકઅપ કરવાની કામગીરી શરૂ કરવામાં આવેલ પરંતુ જૂના ચોપડાઓ રદી થઇ જતા તેમજ વખતો વખત વોર્ડ રચનામાં ફેરફારો થતા અને જૂની પ્રોપર્ટીઓનું મોટા પાયે વેચાણ થઇ જતા અનેક નળ જોડાણો આજે પણ મળી શકયા નથી.

તેવી જ રીતે અનેક રાજકીય ઓથ ધરાવતા અને બાહુબલીઓએ ડબલ કનેકશનો તેમજ ભૂતિયા નળ જોડાણો લઇ લીધે છે. જેના લીધે પાણીનો લોસ વધુ જોવા મળ્યો છે. આથી આપ્રકારના ભૂતિયા નળ જોડાણો માટે સ્પેશયલ કામગીરી ન કરી પડે તે હેતુથી જીઓ ટેગીંગ કરનાર એજન્સીને ડોર ટુ ડોર સર્વે દરમિયાન નળ જોડાણો ચેક કરવાની વધારાની કામગીરી પણ સોંપવામાં આવી છે.

## સેવાસેતુ કેમ્પમાં વિવિધ સેવાઓનો નાગરિકોએ લાભ લીધો

# સરધારમાં 'વિકાસ રથ'ના વધામણા





રાજકોટ, તા. ૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં સમગ્ર રાજ્યમાં ૭મી ઓક્ટોબરથી 'વિકાસ સપ્તાહ'નો આરંભ થયો છે, ત્યારે ગઈકાલે રાજકોટ તાલુકાના સરધાર ગામમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. આ નિમિત્તે અહીં સેવાસેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો. આ સાથે ગામમાં થયેલા વિવિધ વિકાસ કાર્યોનું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

'વિકાસ સપ્તાહ' અંતગર્ત સાતમી ઓક્ટોબરે સવારે 'વિકાસ રથ'સરધાર ગામમાં આવી પહોંચ્યો હતો. જેનું બાલિકાઓના હસ્તે પરંપરાગત રીતે કુમકુમ તિલક તથા પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૨૪ વર્ષના સુદીર્ઘ શાસનકાળમાં ગુજરાત રાજ્યે મેળવેલી સિદ્ધિઓની ઝાંખી ફિલ્મના માધ્યમથી રજૂ કરવામાં આવી હતી. સરધારમાં 'વિકાસ સપ્તાહ' સાથે સેવા સેતુ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પી.જી.વી.સી.એલ., પશુપાલન, અનુસૂચિત જાતિની કચેરી દ્વારા સ્ટોલ રાખીને વિવિધ યોજનાઓનું માર્ગદર્શન નાગરિકોને આપવામાં આવ્યું હતું. ઉપરાંત આયુષ્માન કાર્ડ, વય વંદના કાર્ડ, આવકના દાખલા સહિતની સેવાઓ પણ અહીં રાખવામાં આવી હતી. જેનો લાભ અનેક નાગરિકોએ મેળવ્યો હતો.

અહીં મેડિકલ કેમ્પ પણ યોજાયો હતો. જેમાં લોકોને ડાયાબિટીસ, બી.પી.ની પણ વિનામૂલ્યે તપાસ કરી આપવામાં આવી હતી ઉપરાંત જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી.

આ તકે ગામમાં નિર્મિત કોઝ વે, સી.સી. રોડ, ભૂગર્ભ ગટરના કામ, પેવર બ્લોકના કામના લોકાર્પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયતના સદસ્ય ચેતનભાઈ પાણ, સરપંચ પિન્ટુભાઈ ઢાંકેચા, ગ્રામ પંચાયત સદસ્યો રમેશભાઈ મકવાણા, વિમલભાઈ કાશીપરા, વિસ્તરણ અધિકારી શરદભાઈ મહેતા, તલાટી હિતેશ નિદ્રોડા વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# 'ભારત વિકાસ પ્રતિજ્ઞા'માં સહભાગી થતા રાજકીય આગેવાનો-અધિકારીઓ

રાજકોટ તા. ૭

'વિકસિત ગુજરાત અને વિકસિત ભારત'ના સ્વપનદ્રષ્ટા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસન અને સર્વગ્રાહી વિકાસના ૨૪ વર્ષની ઉજવણીના ભાગરૂપે આજથી 'વિકાસ સપ્તાહ'નો પ્રારંભ થયો છે. જે અન્વયે પ્રથમ દિવસે વિવિધ સ્થળોએ 'ભારત વિકાસ પ્રતિજ્ઞા' શપથ ગ્રહણનું આયોજન કરવામાં આવ્યું છે.






રાજકોટ કલેક્ટર કચેરી ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ જોયેલા વિકસિત ભારતના સ્વપનને સાકાર કરવા હું મન, વચન અને કર્મથી તત્પર રહીશ''ના કોલ સાથે સાંસદ સર્વે રામભાઈ મોકરિયા, કેસરીદેવસિંહ ઝાલા, ધારાસભ્ય ડો. દર્શિતાબેન શાહ, કલેક્ટર ડો. ઓમ પ્રકાશ, નિવાસી અધિક કલેક્ટર એ.કે. ગૌતમ સહિત વિવિધ વિભાગના અધિકારીઓએ શપથગ્રહણ કર્યા હતા. મહાનુભાવો તેમજ અધિકારીઓએ સ્વદેશી મંત્રને સાકાર કરવા અને આત્મનિર્ભર ભારત બનાવવા, એક ભારત શ્રેષ્ઠ ભારત, 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના કેળવી દેશના વિકાસમાં સહભાગી થવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

# ટેકાના ભાવે મગફળીની ખરીદી સરકાર નહીં કરે તો આંદોલન

## ખેડૂત સંગઠને રાજકોટ કલેકટરને પાઠવ્યું આવેદન : ગાંધીચીંધ્યા માર્ગે આંદોલન કરવાની આપી ચીમકી

રાજકોટ, તા. ૭

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર ખેડૂતોની આપ બમણી કરવા માટે દરેક સંભવત પ્રયત્નો કરી રહ્યું છે ત્યારે સરકાર ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતો પાસે જે જણસીઓ ખરીદે છે તેની ઓપન માર્કેટ કરતા વધુ ભાવ ખેડૂતોને મળતો હોય છે ત્યારે આ વખતે સરકારને ખેડૂતો દ્વારા તાકીદે ટેકાના ભાવે મગફળીની ખરીદી કરવા જણાવ્યું છે એટલું જ નહીં ૨૦૦ મણ મગફળીની ખરીદી તાત્કાલિક શરૂ કરવામાં નહીં આવે તો ખેડૂતો દ્વારા ગાંધીજીના માર્ગ ઉપર આંદોલન પણ કરવામાં આવશે તેવી ધમકી જિલ્લા કલેકટરને આવેદનપત્ર સ્વરૂપે આપવામાં આવી હતી.

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ૨૦૦ મણ મગફળીની ખરીદી તત્કાલ શરૂ નહીં કરાય તો ખેડૂતો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલનના મંડાણ કરશે તેવી ચેતવણી સાથે ભારતીય કિસાન સંઘ દ્વારા કલેકટર ડો.ઓમપ્રકાશને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવેલ હતું. આ અંગે ભારતીય કિસાન સંઘ રાજકોટ જીલ્લાના પ્રમુખ સુરેશભાઈ કણસાગરાએ જણાવ્યું હતું કે સરકારના મનઘડત નિર્ણયોથી ખેડૂતોની મુશ્કેલી વધી છે જો સરકાર કપાસની આયાત બંધ ન કરે તેમજ મગફળીની પ્રથમ રાઉન્ડમાં ૨૦૦ મણ અને બીજા રાઉન્ડમાં બીજા ૨૦૦ મણ ખરીદીની વ્યવસ્થા તત્કાલ શરૂ નહીં કરે તો ખેડૂતો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનના મંડાણ કરશે.

રાજ્ય સરકાર દર વર્ષે ગોડાઉન નથી સ્ટાફ નથી જેવા જુદા જુદા બહાના બતાવી ખેડૂતોને હેરાન-પરેશાન કરી વાતને ટલ્લે ચડાવી દે છે જેના પગલે ખેડૂતોને ટેકાના ભાવથી નીચા ભાવે ઓપન માર્કેટમાં ખેત પેદાશ વેચવાની ફરજ પડે છે કારણ કે તેને પૈસાની જરૂર હોય છે અને ઉત્પાદન લેવામાં ઘણો ખર્ચ કરી ખેડૂત કર્જવાન થઈ ગયો હોય છે અને નુકશાની કરી દબાણમાં આવી આર્થિક નુકશાની સહન કરી પોતાનો વ્યવહાર ચાલુ રાખે છે.

તેઓએ વધુમાં જણાવેલ છે કે સરકાર ખેડૂતની ખેતીને ઓનલાઈન અને કોમ્પ્યુટરાઈઝડ ડેટા કરવાના બહાને છેલ્લા ૧૦ વર્ષથી ખેડૂતોની હેરાનગતિ ચાલુ છે. હવે બધુ જ ઓનલાઈન થઈ ગયેલ છે. તો હવે સરકારે ખેડૂતોને વ્યાજબી ભાવ આપવા માટે પગલા લેવા આવશ્યક છે. આ રજૂઆતમાં જીવરાજભાઈ વાઘાણી, કાનજીભાઈ મોલીયા, સુરેશભાઈ વરસાણી, મયુરભાઈ બાલધા, રમેશભાઈ કોયાણી, ગોપાલભાઈ રાદડીયા, ઉમંગભાઈ રાદડીયા સહિત કિસાન સંઘના કાર્યકરો-હોદ્દેદારો જોડાયા હતા.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# રહસ્યમય વ્યક્તિત્વ

## મોદિત્વના અઢી દાયકા ઉર્જા-ફ્લો અવિરત



નજર સામે ઇતિહાસ રચાતો હોય છતાં માનવામાં ન આવે તે બાબત મનોવિજ્ઞાનની દ્રષ્ટિએ મનની ગણતરીથી પર ગણાય. આ કારણે મનમાં રહસ્યના તરંગો પેદા થાય આવું એક રહસ્યમય વ્યક્તિત્વ વર્તમાન સમયમાં દેશ-દુનિયામાં પ્રભાવી ભૂમિકા ભજવી રહ્યું છે.

નામ છે, નરેન્દ્ર દામોદરદાસ મોદી. મોદીજીનું નેતૃત્વ ગઇકાલે અઢી દાયકામાં પ્રવેશ્યું હતું. તેઓએ ૭ ઓક્ટોબર ૨૦૦૧ની સાલમાં ગુજરાતમાં પ્રથમ વખત મુખ્યમંત્રી પદના શપથ લીધા હતા. મોટાભાગના નેતાઓ માટે આ પદ મંઝીલની પરાકાષ્ઠા હોય. મોદીજી માટે મુખ્યમંત્રી પદ પગથિયું હતું. તેઓ ધારાસભ્ય બન્યા વગર સીધા મુખ્યમંત્રી બન્યા અને પ્રથમ વખત લોકસભાની ચૂંટણી લડીને સીધા વડાપ્રધાન બન્યા.

સત્તા મેળવવા કરતા સત્તા જાળવવી વધારે કઠીન હોય છે. પણ, અઢી દાયકાથી મોદિત્વને કોઇ ડગાવી શક્યું નથી. ફૂલ પાવર સાથે સર્વોચ્ચપદ અને સર્વત્ર તીવ્ર પ્રભા... મોદીજીની આ વિશિષ્ટ ઓળખ છે.

રાજનીતિમાં નિરંતર અજેય રહેવું અને સદા પ્રસન્ન, નચિંત, સ્વસ્થ્ય રહેવું એ ચમત્કારની વ્યાખ્યામાં આવી શકે છે. વિરોધીઓ જીવ બળતરા ખૂબ કરે છે. પણ, મોદીજીને પરાજિત કરવા તો દૂરની બાબત છે, કોઇ નજીકના હરીફ પણ બની શકતું નથી.

ઘણાં સમીક્ષકો કહે છે કે, મોદીજીની રણનીતિ વિશિષ્ટ છે, વિપક્ષ તેને સમજી શકવા સક્ષમ નથી. અનેક મહાત્માઓ અભિપ્રાય આપે છે કે, મોદીજી એ પ્રકૃતિનું નિર્માણ છે. અદ્રશ્ય ઉર્જાઓ તેમને ભરપૂર સહયોગ કરે છે. આ કારણે તેમનું વ્યક્તિત્વ સમજથી દૂર છે.

મોદીજી માત્ર સત્તા ઉપર ચીટકી રહેવાની કલાના જ માહેર નથી, તેમનું નેતૃત્વ નિર્ણાયક પણ રહ્યું છે. વર્ષોથી અતિ વિવાદી બની ગયેલા મુદ્દાઓ સલુકાઇથી ઉકેલી રહ્યા છે.

રાજનીતિ વિવિધ સમીકરણો પર નિર્માણ થયેલી હોય છે. ભારતમાં જ્ઞાતિવાદ-પ્રાંતવાદ નિર્ણાયક સમીકરણ માનવામાં આવે છે. ગુજરાતથી માંડીને રાષ્ટ્રીયસ્તરની રાજનીતિમાં મોદીજીએ તમામ સમીકરણોને છીન્નભીન્ન કરીને અજેય વર્ચસ્વ સ્થાપ્યું છે. આ પણ સામાન્ય બાબત નથી. દાયકાઓથી ગોઠવાઇ ગયેલા સ્થાપિતહિતોને તોડી નાખ્યા છે.

અસંખ્ય પાસાઓમાં મોદીજીની સિદ્ધિઓ મનની ગણતરીથી પર છે. આ દ્રષ્ટિકોણથી તેમનું વ્યક્તિત્વ રહસ્યમય બની ગયું છે. હાલ ભારતમાં બે પ્રકારના જ સમાજ ધબકે છે. એક મોદી તરફી સમાજ અને બીજો મોદી વિરોધી સમાજ!

મોદીજીના નેતૃત્વને આવકારો કે ન આવકારો, પણ આ વ્યક્તિત્વ અનિવાર્ય બનીને ઊભું છે. વડાપ્રધાન પદની ત્રીજી ટર્મમાં પણ શાસન વિરોધી વ્યાપક માહોલ સર્જાયો નથી. સત્તાકાળના અઢી દાયકે શુભેચ્છા આપીએ કે, મોદીજી અખંડ ભારતનું સ્વપ્ન સાકાર કરે.

"પ્રેમભક્તિના હસ્તાક્ષરે"
થોડું જોયા કરજો,
થોડું જતું કરજો,
ને થોડું જાતે કરજો.
જીંદગી જીવવા જેવી લાગશે.
કોઈનાં ગયાં પછી,
"MISS YOU"
લખવા કરતા,
જીવતાં હોય ત્યાં સુધી
"WITH YOU"
લખો ને એ વધારે સારું
શાસ્ત્રી ભક્તિપ્રકાશ દાસજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક)
પ્રમુખ શ્રી અખિલ ભારતીય સંત સમિતિ રાજકોટ જીલ્લા



પુ ભક્તિ સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા



# હું ભારતીયોનો આભારી : મોદી

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરકારના વડા તરીકે ૨૪ વર્ષ પૂર્ણ કર્યા : ભૂતકાળમાં ગુજરાત રાજકીય ક્ષેત્રે વિનાશક ભૂકંપનો કરી રહ્યું હતું સામનો

નવીદિલ્હી, તા. ૭

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સરકારના વડા તરીકે ૨૪ વર્ષ પૂર્ણ કર્યા છે અને તેમના ૨૫મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. ૨૦૦૧ માં આજના દિવસે, ૭ ઓક્ટોબર, તેમણે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ત્યારથી, તેમણે વિવિધ સરકારોમાં સર્વોચ્ચ પદ સંભાળ્યું છે. તેમણે ૧૩ વર્ષ સુધી ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા આપી હતી અને ૨૦૧૪ થી પ્રધાનમંત્રી છે. આ પ્રસંગને યાદ કરવા માટે, પીએમ મોદીએ ડ પર પોસ્ટ કરી. તેમણે કહ્યું, ''૨૦૦૧ માં આ દિવસે, મેં પહેલીવાર ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. મારા દેશવાસીઓના સતત આશીર્વાદથી, હું સરકારના વડા તરીકે મારી ૨૫મા સેવામાં પ્રવેશ કરી રહ્યો છું. હું ભારતના લોકોનો આભાર માનું છું. આ સમય દરમિયાન, મારો સતત પ્રયાસ આપણા લોકોના જીવનને સુધારવાનો અને આ મહાન રાષ્ટ્રની પ્રગતિમાં ફાળો આપવાનો રહ્યો છે જેણે આપણને બધાને પોષ્યા છે.

પોસ્ટમાં, તેઓ આગળ લખે છે કે મારી પાર્ટીએ મને અત્યંત પડકારજનક પરિસ્થિતિઓમાં ગુજરાતના મુખ્યમંત્રી પદની જવાબદારી સોંપી. તે વર્ષે, ગુજરાત એક વિનાશક ભૂકંપનો સામનો કરી રહ્યું હતું. તે પહેલાં, તેણે એક વિશાળ ચક્રવાત, વારંવાર દુષ્કાળ અને રાજકીય અસ્થિરતા જોઈ હતી. આ પડકારોએ નવી જોશ અને આશા સાથે લોકોની સેવા કરવાનો અને ગુજરાતનું પુનર્નિર્માણ કરવાનો મારો સંકલ્પ મજબૂત બનાવ્યો. જ્યારે મેં મુખ્યમંત્રી તરીકે શપથ લીધા, ત્યારે મને યાદ છે કે મારી માતાએ મને કહ્યું હતું, ''મને તમારા કામ વિશે વધુ સમજ નથી, પરંતુ હું તમને ફક્ત બે વાત કહીશ. પ્રથમ, હંમેશા ગરીબો માટે કામ કરો, અને બીજું, ક્યારેય લાંચ ન લો.'' મેં લોકોને એમ પણ કહ્યું હતું કે હું જે પણ કરીશ, તે સારા ઇરાદાથી કરીશ અને કતારમાં છેલ્લા વ્યક્તિની સેવા કરવાના વિઝનથી પ્રેરિત થઈશ.

ત્યારબાદ પીએમ મોદી તેમના પોસ્ટમાં ગુજરાતથી દિલ્હી જવાના તેમના અનુભવનું વર્ણન કરે છે. તેઓ લખે છે, ''૨૦૧૩ માં, મને ૨૦૧૪ ની લોકસભા ચૂંટણી માટે વડા પ્રધાન પદના ઉમેદવાર તરીકે નામાંકિત કરવામાં આવ્યો હતો. તે સમયે, દેશ વિશ્વાસ અને શાસનનો અભાવ અનુભવી રહ્યો હતો. તત્કાલીન યુપીએ સરકાર ભ્રષ્ટાચાર, ભત્રીજાવાદ અને નીતિગત લકવાના સૌથી ખરાબ સ્વરૂપોનો પર્યાય બની ગઈ હતી. ભારતને વિશ્વમાં એક નબળી કડી તરીકે જોવામાં આવતું હતું.'' પરંતુ પછી ભારતના સમજદાર લોકોએ અમારા ગઠબંધનને પ્રચંડ વિજય અપાવ્યો. અમારી પાર્ટીએ સંપૂર્ણ બહુમતી મેળવી. ત્રણ દાયકામાં આ પહેલી વાર હતું જ્યારે કોઈ એક પક્ષે કેન્દ્રમાં બહુમતી મેળવી હતી.

### ગુજરાત સુશાસનનું પાવરહાઉસ

પીએમ મોદી આગળ લખે છે કે આ ૨૫ વર્ષ ઘણા અનુભવોથી ભરેલા રહ્યા છે. સાથે મળીને, અમે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે. મને હજુ પણ યાદ છે કે જ્યારે મેં મુખ્યમંત્રી પદ સંભાળ્યું ત્યારે કહેવામાં આવ્યું હતું કે ગુજરાત ક્યારેય સુધરી શકશે નહીં. સામાન્ય લોકો અને ખેડૂતોએ અપૂરતી વીજળી અને પાણીની ફરિયાદ કરી હતી. કૃષિ મંદીમાં હતી, અને ઔદ્યોગિક વિકાસ સ્થિર હતો. ત્યાંથી, સાથે મળીને, અમે ગુજરાતને સુશાસનના પાવરહાઉસમાં પરિવર્તિત કર્યું. દુષ્કાળથી પીડિત રાજ્ય, કૃષિમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરતું રાજ્ય બન્યું. વ્યવસાયની સંસ્કૃતિ મજબૂત ઔદ્યોગિક અને ઉત્પાદન ક્ષમતાઓમાં વિસ્તરી. વારંવાર કર્ફ્યુ દૂર કરવામાં આવ્યા. સામાજિક અને ભૌતિક માળખાગત સુવિધાઓને વેગ મળ્યો. આ બધું પ્રાપ્ત કરવા માટે લોકો સાથે મળીને કામ કરવું અત્યંત સંતોષકારક હતું.

# CJIએ પગલા ન લીધા તેની પાછળ અકળ કારણ : રાકેશ

## સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ ગવઈ પર હુમલો કરનાર વકીલ રાકેશ કિશોરે કહ્યું ભગવાને આદેશ કર્યો તે કર્યું પણ ચીફ જસ્ટિસ દ્વારા કોઈ પગલાં ન લેવાયા મારા પર તે અનેક અટકળ ઊભી કરે છે

નવીદિલ્હી, તા. ૭

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ બી.આર. ગવઈ પર હુમલો કરનારા વકીલ રાકેશ કિશોરે પોતાની વાત કહી છે. તેમણે પોતાના કાર્યો અને ત્યારબાદની ઘટનાઓ વિશે ઘણી વિગતો શેર કરી. એડવોકેટ ડો. રાકેશ કિશોરે કહ્યું, ''મેં ભગવાને મને જે કરવાનો આદેશ આપ્યો હતો તે કર્યું.'' તેમણે પુનરોચ્ચાર કર્યો કે ૧૬ સપ્ટેમ્બરના રોજ ખજુરાહોમાં ભગવાન વિષ્ણુની પ્રતિમા અંગેની અરજી પર ચીફ જસ્ટિસની ટિપ્પણીથી તેમને દુઃખ થયું હતું. બી.આર. ગવઈ પર હુમલો કર્યા પછી, રાકેશ કુમારને થોડા કલાકો માટે અટકાયતમાં રાખવામાં આવ્યા હતા અને પછી છોડી મૂકવામાં આવ્યા હતા. આ અંગે પૂછવામાં આવતા, તેમણે કહ્યું, ''મને સમજાતું નથી કે આ તેમની દયા છે, તેમની ભલાઈ છે કે બીજું કંઈક. આ પાછળનું રહસ્ય શું છે? હું ત્યાં એ





વિચારીને ગયો હતો કે મારી સાથે જે થવાનું છે તે થશે, ભગવાન જે ઈચ્છે છે તે મારી સાથે થશે, હું કંઈ કરી શકતો નથી.'' બી.આર. ગવઈએ વકીલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી નથી. તેના બદલે, તેમણે અધિકારીઓને ચેતવણી આપ્યા પછી તેમને જવા દેવા કહ્યું. જોકે, બાર કાઉન્સિલે કાર્યવાહી કરી છે અને તેમનું સભ્યપદ રદ કર્યું છે.

જ્યારે રાકેશને પૂછવામાં આવ્યું કે શું તેમને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, ત્યારે તેમણે કહ્યું, ''હા, મને ગઈકાલે સાંજે પત્ર મળ્યો, પરંતુ આ એક વધુ સરમુખત્યારશાહી, તુઘલક હુકમનામું છે. એડવોકેટ્સ એક્ટ ૧૯૬૧ ની કલમ ૩૫, જે ટાંકવામાં આવી છે, સ્પષ્ટપણે જણાવે છે કે જો કોઈ વકીલ તરફથી કોઈ બાબત તમારી પાસે આવે છે, અથવા તમે તેના પર સ્વેચ્છાએ ધ્યાન આપો છો, તો તમારે એક શિસ્ત સમિતિ બનાવવી જોઈએ અને કારણ બતાવો નોટિસ જારી કરવી જોઈએ. વકીલને પણ તેના કાર્યો સમજાવવાની તક આપવી જોઈએ. તમે આ બધું પસાર કર્યું અને તુઘલક હુકમનામું જારી કરીને તેના સસ્પેન્શનની જાહેરાત કરી.'' ત્યારબાદ તેમણે ઉમેર્યું કે તેમને ગઈકાલે રાતથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ હુકમ એક એવા વિદ્વાન માણસ તરફથી આવ્યો છે જે આટલા લાંબા સમયથી બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાનું નેતૃત્વ કરી રહ્યા છે.

જ્યારે રાકેશને પૂછવામાં આવ્યું કે શું આ કૃત્ય પછી વકીલો તેમની વિરુદ્ધ થઈ ગયા છે, ત્યારે તેમણે કહ્યું, ''બધા વકીલો મારી વિરુદ્ધ નથી. મને ઘણા વકીલો તરફથી ફોન અને સંદેશા આવી રહ્યા છે.'' તેમને અન્ય પક્ષો તરફથી પણ ફોન આવી રહ્યા છે. રાજકીય પક્ષો પોતાને દલિત હોવાનો દાવો કરીને પૈસા કમાઈ રહ્યા છે. અરે, શ્રી ગવઈ પહેલાથી જ બૌદ્ધ ધર્મ અપનાવી ચૂક્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે તેમને દલિતો કે દલિતો સાથે કોઈ વાંધો નથી. તેઓ ઘણા લોકોને જાણે છે. અપમાનજનક જાતિવાદી શબ્દો, કોઈ મને જણાવો કે મેં તેમના ધર્મ વિશે શું કહ્યું, મેં કયા અપમાનજનક શબ્દો વાપર્યા. ઉપરાંત, જ્યારે તેમના ભવિષ્ય વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું, ''હું અહીં બેઠો છું, તે ભગવાન પર નિર્ભર છે.'' CJI પર મુક્કો મારવાનો પ્રયાસ કરનાર રાકેશ કિશોરે તેમના કાર્યોને ''ભગવાનનો આદેશ'' ગણાવ્યા અને કહ્યું કે ખજુરાહો પ્રતિમાની ટિપ્પણીથી તેમને દુઃખ થયું છે. તેમણે બાર કાઉન્સિલ દ્વારા સસ્પેન્શનને સરમુખત્યારશાહી હુકમનામું પણ ગણાવ્યું.

# ભારતે સંયુક્ત રાષ્ટ્રમાં પાકની ખોલી પોલ

## પાકિસ્તાનની સેના દ્વારા ૪ લાખ મહિલાઓની હત્યા અને સામૂહિક બળાત્કાર કરાયો'તો

નવીદિલ્હી, તા. ૭

ભારતે ફરી એકવાર સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનની ટીકા કરી છે. તેણે દુશ્મન દેશની ટીકા કરી છે. મહિલાઓ, શાંતિ અને સુરક્ષા પર ચર્ચા દરમિયાન ભારતે પાકિસ્તાનના ખોટા દાવાઓનો પર્દાફાશ કર્યો. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની ચર્ચામાં બોલતા, સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના કાયમી પ્રતિનિધિ, પર્વતાનેની હરીશે પાકિસ્તાનની આકરી ટીકા કરી. ભારતીય રાજદૂત હરીશે ૧૯૭૧માં પાકિસ્તાને ઓપરેશન સર્ચલાઇટ કેવી રીતે હાથ ધર્યું હતું તે પ્રકાશિત કર્યું, જેમાં પાકિસ્તાનની પોતાની સેના દ્વારા ૪,૦૦,૦૦૦ મહિલાઓની હત્યા અને સામૂહિક બળાત્કાર કરવામાં આવ્યો હતો. તેમણે ભાર મૂક્યો કે દુનિયા પાકિસ્તાનના પ્રચારને કેવી રીતે સમજે છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન વિશ્વનું ધ્યાન ભટકાવવા માટે અતિશયોક્તિનો ઉપયોગ કરે છે.




તેમણે કહ્યું, ''દુર્ભાગ્યવશ, દર વર્ષે આપણે આપણા દેશ વિરુદ્ધ પાકિસ્તાનની ભ્રામક વાર્તા સાંભળીએ છીએ, ખાસ કરીને જમ્મુ અને કાશ્મીરના મુદ્દા પર, જે ભારતીય પ્રદેશ તેઓ ઇચ્છે છે. મહિલાઓ, શાંતિ અને સુરક્ષા એજન્ડા પર આપણો અગ્રણી રેકોર્ડ દોષરહિત અને સ્પષ્ટ છે. એક દેશ જે પોતાના લોકો પર બોમ્બમારો કરે છે તે વ્યવસ્થિત નરસંહાર કરે છે.'' તે ફક્ત અતિશયોક્તિથી દુનિયાનું ધ્યાન ભટકાવવા અને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી શકે છે.'' ભારતનો આ પ્રતિભાવ સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાનના કાયમી મિશનના ભાગ, કાઉન્સેલર સૈમા સલીમની ટિપ્પણીઓના જવાબમાં આવ્યો. ઠરાવ ૧૩૨૫ ની ૨૫મી વર્ષગાંઠ નિમિત્તે મહિલા, શાંતિ અને સુરક્ષા પર યુએન સુરક્ષા પરિષદની ચર્ચા યોજાઈ હતી.

૨૦૦૦ માં અપનાવવામાં આવેલા આ યુએન ઠરાવમાં મહિલાઓ અને છોકરીઓ પર સશસ્ત્ર સંઘર્ષની અપ્રમાણસર અને અનન્ય અસર પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. આ ઠરાવ મુખ્યત્વે સંઘર્ષ દરમિયાન, ખાસ કરીને મહિલા અધિકારોના કોઈપણ ઉલ્લંઘનને રોકવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સપ્ટેમ્બરની શરૂઆતમાં, યુએન જનરલ એસેમ્બલીને સંબોધનમાં, વિદેશ પ્રધાન એસ. જયશંકરે પાકિસ્તાનનું નામ લીધા વિના તેની તીવ્ર ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ''ભારત સ્વતંત્રતા પછીથી આ પડકારનો સામનો કરી રહ્યું છે, કારણ કે તેનો પાડોશી વૈશ્વિક આતંકવાદનું કેન્દ્ર છે. દાયકાઓથી, તે દેશને મોટા આંતરરાષ્ટ્રીય આતંકવાદી હુમલાઓ માટે દોષી ઠેરવવામાં આવે છે.'' ભારતે પાકિસ્તાનના દાવાઓનો પર્દાફાશ કર્યો છે. તેના કાળા કાર્યો વિશ્વ સમક્ષ ખુલ્લા પડી ગયા છે. યુએનમાં બોલતા ભારતે કહ્યું હતું કે પાકિસ્તાન પોતાના નાગરિકો પર બોમ્બમારો કરે છે.

વાઈબ્રન્ટ ગુજરાતની જ્વલંત સફળતાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું માર્ગદર્શન

# સરકારની નવતર પહેલ : વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ

## રાજકોટ ખાતે તા. ૮-૯ જાન્યુઆરીએ, સુરત ખાતે તા. ૯-૧૦ એપ્રિલે અને વડોદરા ખાતે તા. ૧૦-૧૧ જૂન ૨૦૨૬ના રોજ રિજનલ કોન્ફરન્સ યોજાશે : જાપાન, દક્ષિણ કોરિયા, વિયેતનામ અને નેધરલેન્ડ્સ જેવા દેશો તેમજ જેટ્રો, ઈન્ડો કેનેડા બિઝનેસ ચેમ્બર, યુએસઆઈએસપીએફ, વિશ્વ બેંક અને રશિયન ફેડરેશનનું વેપાર પ્રતિનિધિત્વ જેવી સંસ્થાઓ થશે સહભાગી



### અન્ય ત્રણ રીજનલ કોન્ફરન્સના ફોકસ ક્ષેત્રો

- કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનની કોન્ફરન્સ તા. ૮-૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ખાતે યોજાશે. જેમાં સિરામિક્સ, એન્જિનિયરિંગ, પોર્ટ્સ અને લોજિસ્ટિક્સ, મત્સ્યઉદ્યોગ, પેટ્રોકેમિકલ્સ, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા, ખનિજો, ઓફશોર પવન જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- દક્ષિણ ગુજરાત ઝોનની કોન્ફરન્સ તા. ૯-૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ સુરત આંતરરાષ્ટ્રીય પ્રદર્શન અને સંમેલન કેન્દ્ર, SGCCI, સુરત ખાતે યોજાશે. જેમાં કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ટેક્સ્ટાઈલ અને એપેરલ, જેમ્સ અને જ્વેલરી, કૃષિ અને ખાદ્ય પ્રક્રિયા જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.
- મધ્ય ગુજરાત ઝોનની કોન્ફરન્સ તા.૧૦-૧૧ જૂન ૨૦૨૬ દરમિયાન પંડિત દીનદયાળ ઉપાધ્યાય નગર ગૃહ, વડોદરા ખાતે યોજાશે. જેમાં સેમિકન્ડક્ટર અને ESDM, ITITeS, બાયોટેક/ બાયોફાર્મા, એરોસ્પેસ અને સંરક્ષણ, ફિનટેક, કેમિકલ્સ અને પેટ્રોકેમિકલ્સ, ટેક્સ્ટાઈલ અને એપેરલ, ઓટો અને ઓટો કોમ્પોનેન્ટ્સ, શિક્ષણ જેવા ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

રાજકોટ, તા. ૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની જ્વલંત સફળતાને પગલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતે વધુ એક નવતર પહેલ હાથ ધરીને 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ' યોજવાનું નક્કી કર્યું છે. આ 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ'ની પ્રથમ શૃંખલાનો મુખ્યમંત્રી મહેસાણાથી તા. ૯મી ઓકટોબર, ૨૦૨૫ના રોજ શુભારંભ કરાવશે, તેમ ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું.

'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ' ના આયોજન અંગે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદમાં વિગતો આપી હતી. આ પત્રકાર પરિષદમાં ઉદ્યોગ-ખાણ વિભાગના અગ્ર સચિવ મમતા વર્મા, iNDEXTbના એમ.ડી. કે.સી.સંપત, માહિતી નિયામક કે.એલ.બચાણી ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્યોગ મંત્રીની ઉપસ્થિતિમાં ઉદ્યોગ કમિશનર પી.સ્વરૂપે રીજનલ કોન્ફરન્સિસ વિશે વધુ વિગતો આપતા જણાવ્યુ હતું કે, રાજ્યના દરેક પ્રદેશની ઔદ્યોગિક-આર્થિક ક્ષમતા અને રોકાણો માટેની સજ્જતાનું એક અનેરૂ પ્લેટફોર્મ 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ' બનશે એટલું જ નહીં ગ્લોબલ ઈન્ડસ્ટ્રિયલ મેપ પર વાઈબ્રન્ટ સમિટથી ગુજરાતની ઊભી થયેલી આગવી ઈમેજને વોકલ ફોર લોકલ થકી વધુ ઉજાગર કરવા આ કાર્યક્રમ પરિણામકારી બનશે.

તેમણે ઉમેર્યું કે, ગુજરાતમાં યોજાયેલી ગત વાઈબ્રન્ટ સમિટની સફળતાને પરિણામે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં દરેક જિલ્લા, તાલુકા તેમજ ગુજરાતના છેવાડાના માનવીને વાઈબ્રન્ટ ગુજરાત સાથે જોડી શકાય એ માટે 'વાઈબ્રન્ટ ગુજરાત રીજનલ કોન્ફરન્સિસ'નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઉત્તર ગુજરાત ઝોનની મહેસાણા ખાતે તા. ૯-૧૦ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ, કચ્છ અને સૌરાષ્ટ્ર ઝોનની રાજકોટમાં તા. ૮-૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ, દક્ષિણ ગુજરાત ઝોનની સુરતમાં તા. ૯-૧૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ અને મધ્ય ગુજરાત ઝોનની વડોદરામાં તા. ૧૦-૧૧ જૂન, ૨૦૨૬ના રોજ આ રીજનલ કોન્ફરન્સ યોજાશે.

કમિશનરએ કહ્યું કે, ગુજરાત સરકારે અત્યાર સુધીમાં ૧૦ 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ'નું સફળતાપૂર્વક આયોજન કર્યું છે અને 'વાઈબ્રન્ટ ગુજરાતના ૨૦ વર્ષ સફળતાના સમિટ' વિષય પર એક કાર્યક્રમ પણ યોજ્યો છે. વાઈબ્રન્ટ ગુજરાતના સફળ મોડેલને વધુ અસરકારક બનાવવા માટે રાજય સરકાર હવે રાજ્યભરમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક સંમેલનોનું આયોજન કરી રહી છે. આ પ્રાદેશિક સંમેલનો વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની સફળતાના માપદંડો મુજબ જ યોજાશે. પ્રાદેશિક કક્ષાએ ઉપસ્થિત ઔદ્યોગિક ગૃહોની પ્રતિભાને પ્રદર્શિત કરવા તેમજ સ્થાનિક ઔદ્યોગિક વિકાસમાં ઉદ્દીપક બને તે પ્રકારે વિકસિત ભારત૨૦૪૭ અને વિકસિત ગુજરાત૨૦૪૭ના વ્યાપક વિઝન સાથે સુગ્રથિત વિકાસ માટે એક અગત્યનું માધ્યમરૂપ બની રહેશે.

કમિશનરએ જણાવ્યું કે, પ્રાદેશિક સંમેલનો બે દિવસ યોજાશે, જેમાં જિલ્લા-સ્તરીય જરૂરિયાતો સંદર્ભે રોકાણ સુવિધા, વૈચારિક આદાનપ્રદાન અને નેટવર્કિંગ માટે એક અસરકારક માધ્યમ તરીકે સેવા આપશે. આ સંમેલનો ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સાહસિકો, સરકારી સંસ્થાઓ, વિદેશી વેપારગૃહો, વેપાર અને ઉદ્યોગ સંગઠનો, સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ સહિત, વિવિધ હિસ્સેદારોને એક જ પ્લેટફોર્મ પર લાવવા માટેનું લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત દરેક પ્રાદેશિક સંમેલનમાં ઉદઘાટન અને સમાપન સત્ર, ક્ષેત્ર-વિશિષ્ટ અથવા જિલ્લા-વિશિષ્ટ સેમિનાર, વ્યાપાર પ્રદર્શની, પ્રાદેશિક પુરસ્કારો, MoU પર હસ્તાક્ષર, B2B અને B2G બેઠકો, ખરીદ-વેચાણ બેઠકોનું પ્લેટફોર્મ, વિક્રેતા માર્ગદર્શન કાર્યક્રમ, અગ્રણી પ્રવાસન સ્થળો તેમજ સ્થાનિક ઔદ્યોગિક ક્લસ્ટરોની પર્યટન મુલાકાતો અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે.

# કપાસનો પ્રતિ મણ ટેકાનો ભાવ રૂા. ૧,૬૧૨

## ટેકાના ભાવે કપાસની ખરીદી સંદર્ભે કૃષિ મંત્રી રાઘવજી પટેલે કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના અધિકારીઓ સાથે યોજી બેઠક

રાજકોટ, તા. ૭

કૃષિ મંત્રી રાઘવજી પટેલે ગાંધીનગર ખાતે ભારત સરકારના કોટન કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (CCI)ના અધિકારીઓ સાથે કપાસની ટેકાના ભાવે ખરીદી સંદર્ભે બેઠક યોજી હતી. આ બેઠકમાં કૃષિ મંત્રીએ CCI દ્વારા ટેકાના ભાવે કપાસની કહ્રીડી માટેના આયોજનની સમીક્ષા કરીને જરૂરી સૂચનો કર્યા હતા અને ગુજરાતના ખેડૂતોના વિવિધ પ્રશ્નો પણ રજૂ કર્યા હતા. આ બેઠકમાં સાંસદ અને ધારાસભ્ય સહિત ભારતીય ભારતીય કિસાન સંઘના મહામંત્રી આર. કે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કૃષિ મંત્રીએ બેઠકમાં જણાવ્યું હતું કે, ચાલુ વર્ષે રાજ્યમાં વરસાદ સારો હોવાથી કપાસનું પુષ્કળ વાવેતર થયું છે અને કપાસની પરિસ્થિતિ પણ એકંદરે સારી જોવા મળી છે, જેથી રાજ્યમાં કપાસનું ઉત્પાદન પણ પુષ્કળ થવાની સંભાવના છે. ભારત સરકાર દ્વારા કપાસ માટે રૂ. ૮,૦૬૦ પ્રતિ કિવન્ટલ એટલે કે, રૂ. ૧,૬૧૨ પ્રતિ મણ ટેકનો ભાવ જાહેર કર્યો છે. જેની સામે હાલમાં કપાસનો બજાર ભાવ ટેકાના





ભાવની સરખામણીએ રૂ. ૮૦૦ થી રૂ. ૧,૦૦૦ પ્રતિ ક્વિન્ટલ ઓછો છે. આવી સ્થિતિમાં મહત્તમ ખેડૂતો કપાસનું ટેકાના ભાવે વેચાણ કરવા આવવાની સમભાવના હોવાથી ખેડૂતોને કોઈપણ મુશ્કેલી ન પડે તે સુનિશ્ચિત કરવા કૃષિ મંત્રીશ્રીએ સૂચના આપી હતી.

કપાસની ટેકાના ભાવે ખરીદી સમયે દરેક તાલુકા દીઠ ઓછામાં ઓછા બે ખરીદ કેન્દ્રો રાખવા કૃષિ મંત્રીએ સૂચન કર્યું હતું. ટેકાના ભાવે કપાસના વેચાણ માટે હાલ ખેડૂતોની નોંધણી પ્રક્રિયા ચાલી રહી છે, જે આગામી તા. ૩૧ ઓક્ટોબર સુધી ચાલશે. કપાસના બજાર ભાવ ઓછા હોવાથી ખેડૂતોના રજીસ્ટ્રેશનની તારીખ જરૂર જણાય તો, લંબાવવા માટે પણ મંત્રીએ CCIના અધિકારીઓને ભલામણ કરી હતી. આ ઉપરાંત કૃષિ મંત્રીએ ખેડૂત પાસેથી તેના જમીન રેકર્ડ મુજબ તથા જિલ્લાની ઉત્પાદકતાને ધ્યાને રાખીને ઉત્પાદિત તમામ કપાસનો જથ્થો ટેકાના ભાવે ખરીદી કરવા માટે જણાવ્યું હતું.

વધુમાં, મંત્રી પટેલે CCIના અધિકારીઓને APMC કેન્દ્રો ખાતે હરાજીમાં ઉભા રહીને નિયત ગુણવત્તાના ધારાધોરણ મુજબ સીધી ખરીદી APMC કેન્દ્રો તથા નિયત સેન્ટરો ખાતેથી પણ કરવા સૂચન કર્યું હતું. રાજ્યના જે ખેડૂતોનું ટેકાના ભાવે વેચાણ માટે રજીસ્ટ્રેશન થયું ન હોય, તો પણ તેવા ખેડૂતો પાસેથી ટેકાના ભાવથી ખરીદી કરવાની જરૂરી અનુમતિ મેળવવા તેમણે CCIના અધિકારીઓને જણાવ્યુ હતું. કૃષિ મંત્રીએ આજે વિશ્વ કપાસ દિવસ નિમિત્તે આ બેઠક યોજીને ખેડૂતોના હિતાર્થે વિવિધ સૂચનો કર્યા હતા અને રાજ્યના વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવે કપાસનું વેચાણ કરવા માટે રજીસ્ટ્રેશન કરાવવા અનુરોધ કર્યો હતો.

# રાજયમાં પ્રથમ વખત આઈન બીમ આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ

## સ્પેન, જાપાન, દક્ષિણ કોરિયા, જર્મની અને ભારતભરની ટોચની સંશોધન સંસ્થાઓના વૈજ્ઞાનિકોને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે



રાજકોટ તા. ૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમા ત્રિ દિવસીય ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન નેનો સ્ટ્રક્ચરિંગ બાય આયન બીમ્સ-૨૦૨૫નો પ્રારંભ થયો. આ કોન્ફરન્સનું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તથા IUAC ન્યુ દિલ્હીનાં સંયુક્ત ઉપક્રમે કરવામાં આવી રહ્યું છે. કોન્ફરન્સનું ઉદઘાટન સત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડો.ઉત્પલ જોશી તથા ઈન્ટર યુનિવર્સિટી એક્સેલરેટર સેન્ટર ન્યુ દિલ્હીના ડિરેક્ટર ડો. અવિનાશ પાંડેનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યું હતું. આ કોન્ફરન્સ વિશે માહિતી આપતા કોન્ફરન્સનાં આયોજકોએ જણાવ્યું હતું કે આ પરિસંવાદને સંશોધકો તથા વિદ્યાર્થીઓ તરફથી બોહળો પ્રતિસાદ મળ્યો છે જેમાં સાત વિભિન્ન દેશોમાંથી તથા ૪૫ જેટલી જુદી જુદી સંસ્થાઓના ૨૫૦ ઉપરાંત સંશોધકોએ પોસ્ટર તથા ઓરલ પ્રેઝન્ટેશન સ્પર્ધાઓમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી કડક ચયન પ્રક્રિયા દ્વારા ૧૩૦ સ્પર્ધકોનું ચયન કરવામાં આવ્યું હતું.

જેઓ પોતાના સંશોધનો આ ત્રણ દિવસ દરમિયાન આયન બીમ કમ્યુનિટી સમક્ષ રજૂ કરશે ડો. અવિનાશ પાંડેએ ICNIB-૨૦૨૫ કોન્ફરન્સને સંબોધિત કરતા કોન્ટમ કમ્પ્યુટીંગ, લેબ ગ્રોવ્ન ડાયમંડ, બાયો ઈન્સ્પાયર્ડ મટીરીયલ્સ જેવા ઈનોવેટિવ ક્ષેત્રોમાં આયન બીમ રિસર્ચ કેવી રીતે ઉપયોગી થઈ રહ્યું છે તેની માહિતી આપી હતી તથા સંશોધન, સંશોધન પત્રો પૂરતું સીમિત ન રાખતા પ્રોડક્ટ સુધી પહોંચાડવા યુવા સંશોધકોને આહ્વાહન કર્યું હતું. આ તકે આયન બીમ રિસર્ચ ક્ષેત્રનાં દિગ્ગજ ડો. ડિ. કે. અવસ્થીએ પણ ઉદ્‌બબોધન આપ્યું હતું. સોરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ પ્રો. (ડો). ઉત્પલ જોશી કે જો પોતે આયન બીમ રિસર્ચ ક્ષેત્રે વર્ષોથી કાર્યરત છે તેમણે આયન બીમ રિસર્ચ ક્ષેત્રે કાર્યરત દિગ્ગજ વૈજ્ઞાનિકો, તજજ્ઞો તથા યુવા સંશોધકોને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના આંગણે આવકાર્યા હતા તથા જણાવ્યું હતું કે પ્રથમ વખત આ કોન્ફરન્સ ગુજરાતમાં યોજાઈ રહી છે જે ખૂબ ગૌરવપ્રદ બાબત છે.

પરિસંવાદના પ્રથમ દિવસે ઉદઘાટન સત્ર બાદ સુક મ્યુંગ યુનિવર્સિટી રિપબ્લિક ઓફ સાઉથ કોરિયાના વૈજ્ઞાનિક પ્રો. જે-સંગ કિમ, કાર્લો III માદ્રીદ સ્પેઈનના વૈજ્ઞાનિક પ્રો. રોડોલ્ફો ક્યુર્નો, ઈન્સ્ટિટ્યુટ ઓફ ફિઝિક્સ ભુવનેશ્વરના વૈજ્ઞાનિક ડો. તપોવ્રતા સોમ, ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ કલ્પક્કમના વૈજ્ઞાનિક ડો. સુબેન્દુ સરકાર તથા સોલીડ સ્ટેટ ફિઝિક્સ લેબોરેટરી વૈજ્ઞાનિક ડો. સુશીલ કુમાર સિંઘનાં વ્યાખ્યાનો યોજાયા હતા. ICNIB-૨૦૨૫નું આયોજન સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં માનનીય કુલપતિ પ્રોફ (ડો.) ઉત્પલ જોશી અને IUAC, ન્યૂ દિલ્હીનાં ડિરેક્ટર ડો. અવિનાશ પાંડેનાં માર્ગદર્શન હેઠળ થઈ રહ્યું છે. કોન્ફરન્સના ચેરમેન ઈઅઅઈ, ન્યૂ દિલ્હીનાં વૈજ્ઞાનિક ડો. અંબુજ ત્રિપાઠી છે, જ્યારે કન્વીનર્સ પ્રોફ (ડો.) નિકેશ શાહ (સૌરાષ્ટ્ર યુનિવર્સીટી) અને પ્રોફ. (ડો.) ભરત કટારિયા (સૌરાષ્ટ્ર યુનિવર્સીટી) છે. સહ-કન્વીનર ડો. મુકેશ રંજન (IPR, ગાંધીનગર) છે. સાથે જ સૌરાષ્ટ્ર યુનિવર્સીટીના પ્રોફ. (ડો.) કુણાલ બી. મોદી સેક્રેટરી તરીકે, ડો. આશિષ બી. રાવલિયા જોઈન્ટ સેક્રેટરી તરીકે, ડો. પિયુષ સોલંકી અને ડો. જયસુખ મારકણા ટ્રેસરર તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે. ICNIB -૨૦૨૫ને સફળ બનાવવા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ફેકલ્ટી મેમ્બર તેમજ ૫૦ જેટલા રિસર્ચ સ્કોલર્સ તથા એમએસસી ફિઝિક્સના વિદ્યાર્થીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

નહિ જેવી વાતે ઉકળી ઉઠતાં લોકો હત્યા કરતાં પણ અચકાતાં નથીઃ વધુ બે ખૂન

# પારકા ઝઘડામાં યુવાનને કોશ ઝીંકી ઢાળી દેવાયો

## એક યુવાનની હત્યા, બીજાને ગંભીર ઈજાઃ અન્ય એક ઘટનામાં યુવતિની ક્રુર હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળતાં ભેદ ઉકેલવા તપાસ

રાજકોટ તા. ૭

નહિ જેવી વાતે લોથ ઢાળી દેવાની વધી ગયેલી ઘટનાઓ વચ્ચે વધુ બે હત્યા થઇ છે. જેમાં પારકા ઝઘડામાં વચ્ચે પડેલા એકે યુવાનને કોશના ઘા મારી મોતથે ઘાટ ઉતારી દેવાયો છે. આ ડખ્ખામાં અન્ય એકને ગંભીર ઇજા પણ પહોંચી હતી. હત્યાની બીજી ઘટનામાં અજાણી યુવતિની હત્યા કરી ફેંકી દેવાયેલી લાશ મળી આવતાં પોલીસે તપાસ શરૂ કરી હતી.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના સયાજીગંજ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં નજીવી બાબતે થયેલા ઝઘડાએ લોહીયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આ ઘટનામાં બે યુવકોને ગંભીર હાલતમાં સયાજી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતાં. જેમાં એક યુવકનું ગંભીર ઇજાઓને લઈ મોત મોત નીપજ્યું હતું જ્યારે અને એક યુવકને માથાના ભાગે ઈજાઓ પહોંચતા હોસ્પિટોમાં ખસેડવામાં સારવાર આપવામાં આવી રહી છે. સયાજીગંજ રેલવે લાઈન વિસ્તારમાં આવેલા મહારાજાનગર વિસ્તારમાં રાહુલ ખેડૅગર નામના યુવકે સામાન્ય બાબતે અજય સાને જે ત્રીસ વર્ષનો હતો તેના પર અને અન્ય એક યુવક પર લોખંડની કોશથી હુમલો કર્યો હતો. જેમાં અજયને ગંભીર ઈજા પહોંચતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેનું કરૂણ મોત નિપજ્યું હતું. આ બનાવને લઈ પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે અને સયાજી હોસ્પિટલમાં દોડી આવી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

પોલીસ સુત્રોના કહેવા મુજબ આ હત્યાના બનાવમાં સયાજીગંજ પોલીસે ઘટનાને અંજામ આપનાર શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ ઘટનામાં આ ઈજાગ્રસ્ત બંને યુવકો ઝઘડો શાંત કરવા ગયા હતા અને બાદમાં તેઓ




પર હુમલો કર્યો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળી રહ્યું છે. આ ઘટનામાં ઈજાગ્રસ્ત વિકાસ મોરે એ જણાવ્યું હતું કે અમે વાત કરવા માટે ભા રહ્યા હતા ત્યારે તેણે કોશ મારી દીધી હતી. મારી સાથે જે ભાઈ હતો તેની પત્નિ સામે ટિપ્પણી કરતા આવું કેમ બોલ્યો તેમ કહેતા જ અચાનક કોશ મારી દીધી હતી. આ સમગ્ર ઘટના અંગે હાલમાં પોલીસે ઘટના સ્થળે પહોંચી પુરાવા એકત્રિત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. સાથે ઈજાગ્રસ્ત યુવકનું નિવેદન લેવામાં આવ્યું હતું.

બીજી ઘટના સુરતના ઓલપાડના પરીઆ ગામની છે. અહિ સીમમાંથી હત્યા કરાયેલી આશરે વીસથી પચ્ચીસ વર્ષની ઉંમરની એક અજાણી યુવતીની લાશ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે. સેગવા-સ્યાદલા ગામના ખેડૂત હસમુખભાઇ પટેલે ગામની સીમમાં હત્યા કરાયેલી એક અજાણી યુવતીની લાશ અંગે પોલીસને જાણ કરતા પીઆઇ સી. આર. જાદવ પોલીસ કર્મીઓ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જેની તપાસમાં યુવતીને ગળા તથા પેટના ભાગે તેમજ બંને હાથે તિક્ષ્ણ હથિયાર વડે ઘા મારી ગંભીર ઈજા પહોંચાડીને લોહી લુહાણ કરી ઘટના સ્થળે હત્યા કરાઈ હોવાનું જણાઈ આવ્યું હતું.

વધુ માહિતી અનુસાર યુવતીની ઓળખ હજુ સુધી થઈ નથી પરંતુ મૃતક યુવતીના જમણા હાથે ગુજરાતીમાં 'નિતેશ'-એનનું છુંદણું તેમજ ડાબા હાથે પતંગિયાનું છુંદણું કોતરાવ્યું હોવાનું જણાયું હતું. આ હત્યાની જાણ જિલ્લા પોલીસ વડા રાજેશ ગઢીયાને જાણ કરાતાં તેઓ એલસીબી અને એસઓજી પોલીસના કાફલા સાથે ઘટના સ્થળે પહોંચ્યા હતા. મોડી સાંજ સુધીની તપાસમાં યુવતી બીલીમોરાની હોવાના સગડ મળતા પોલીસે આ દિશામાં તપાસ હાથ ધરી હતી. આમ વધુ બે હત્યાની ઘટના બની ગઇ હતી.

બલ્કમાં મોબાઇલ ફોનની ખરીદી કરી વેંચાણ થાય છે, રોકાણ પર મોટો નફો મળે છે કહી શિક્ષીકાએ મિત્ર સાથે મળી શિક્ષીકા સહિતનાને ફસાવ્યા

# લાલચ બુરી બલા : ૭ લોકોને ચંડાળ ચોકડીનું ૧૨ લાખનું બૂચ

## શરૂઆતમાં રોકાણ પર પચ્ચીસ અને ત્રીસ હજારનો નફો મળતાં રાજી થયેલા શિક્ષીકાએ લાખો આપી દીધા : છેલ્લે કંઇ પાછુ ન મળ્યું : એ-ડિવીઝન પોલીસે દાખલ કરી ફરિયાદ

રાજકોટ તા. ૭

શિક્ષીકા સહિત સાત લોકોને અન્ય એક શિક્ષીકા સહિતની ચંડાળ ચોકડી બાર લાખનો ચૂનો લગાવી ગઇ છે. શિક્ષીકાને તેની બહેનપણી એવી બીજી શિક્ષીકાએ મારો એક ફ્રેન્ડ મોબાઇલ બલ્કમાં ખરીદી વેંચાણ કરે છે તેમાં રોકાણ કરવાથી મોટો નફો મળે છે તેમ કહી આ શિક્ષીકાને શરૂઆતમાં બે વખતના રોકાણ પર ૨૫ હજાર અને ૩૦ હજારનો નફો આપી દઇ બાદમાં બારેક લાખ ઉસેડી લઇ હાથ ઉંચા કરી દીધા હતાં. શિક્ષીકાએ અરજી કરતાં શખ્સે હવે તમને બારની સામે પચ્ચીસ લાખ આપી દઇશ તેવું નોટરાઇઝ લખાણ કરી દીધુ હતું. પરંતુ પછી ફદીયુંય દીધુ નહોતું.



> છેતરાયેલા શિક્ષીકાએ અરજી કરતાં ગઠીયાએ ૧૨ લાખ સામે ૨૫ લાખ દઇશ એવું નોટરાઇઝ લખાણ કરી આપ્યુંઃ આથી અરજી શિક્ષીકાએ પાછી ખેંચી પણ બાદમાં ફદીયુંય ન અપાતાં અંતે એફઆઈઆર

વિગતો પર નજર કરીએ તો મવડી પાળ રોડ પર રહેતાં શિક્ષીકા સાથે અગાઉ નોકરી કરતી શિક્ષીકા બહેનપણી અને તેણીના મિત્ર સહિતના ચાર જણાએ છેતરપીંડી કરી લીધી હતી. એ-ડિવીઝન પોલીસે મવડી પાળ રોડ પર શીવ ટાઉનશીપ-૨/૪૦૮માં રહેતાં અને ખાનગી સ્કૂલમાં શિક્ષીકા તરીકે નોકરી કરતાં નીતુબેન રાજેશભાઇ દાસ નામના ચોત્રીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી યુનિવર્સિટી રોડ શિવધારા એપાર્ટમેન્ટ રૂમ નં. ૩૦૧માં રહેતાં પ્રેમ વિજયભાઇ બુધ્ધદેવ, રેલનગર દ્વારીકા વિલેજ એ-વીંગ ૧૦૦૨માં રહેતી મહિમા બિપીનભાઇ કક્કડ, પુનીતનગર-૮માં રહેતાં દર્શિલ મહેશભાઇ વાઘેલા અને નવા ૧૫૦ રીંગ રોડ રંગોલી પાર્ક એન-વીંગ ફલેટ નં. ૧૧૦૩માં રહેતી તસ્લીમા રફીકશા શાહમદાર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી હતી.

નીતુબેન દાસે જણાવ્યું છે કે હું શિક્ષીકા તરીકે નોકરી કરી પરિવાર સાથે રહુ છું. મારે સાથે નોકરી કરતી શિક્ષીકા મહિમા કક્કડ સાથે ૨૦૨૩માં પરીચય થયો હતો. એ પછી મેં એ સ્કૂલની નોકરી મુકી દીધી હતી. પણ મારો દિકરો ત્યાં ભણતો હોઇ જેથી હું તેનું રિઝલ્ટ લેવા જતાં મહિમાએ વાત કરી હતી કે મારો મિત્ર પ્રેમ બુધ્ધદે છે તે મોબાઇલ ફોનના ખરીદ-વેંચાણનું કામ કરે છે તેમાં રોકાણ કરવાથી સારુ એવુ વળતર મળે છે. જેથી મારે રોકાણ કરવું હોઇ મેં હા પાડી હતી. બાદ મહિમા મને હરિહર ચોક સ્ટાર ચેમ્બર-૪૦૧માં આવેલી તેણીના મિત્ર પ્રેમ બુધ્ધદેવની ઓફિસે લઇ ગઇ હતી.

જ્યાં અન્ય એક શખ્સ દર્શીલ વાઘેલા તથા એક યુવતિ તસ્લીમ શાહમદાર હતાં. આ લોકોએ કહ્યું હતું કે તે બલ્કમાં મોબાઇલનું ડીલીંગ કરે છે અને તેના માટે રોકાણકારોની જરૂર છે. તેમજ જણાવ્યું હતું કે મોબાઇલનો સ્ટોક આવી જાય પછી જેણે રોકાણ કર્યુ હોઇ તેને રોકાણ અને નફાની રકમ મહિમાનું કમિશન બાદ કરી પરત આપી દેવામાં આવે છે. આથી મેં રૂા. ૫૫૦૦૦ ઓનલાઇન મારી મિત્ર મહિમાને ટ્રાન્સફર કરી દીધા હતાં. આ પછી મહિમાએ મને કહેલું કે તમે કરેલા રોકાણ સામે તમને નફાના ૨૫ હજાર મળશે. આ પછી મારા ખાતામાં ૮૦ હજાર જમા થયા હતાં. આથી મને વિશ્વાસ આવતાં મેં ફરીથી મહિમાને રૂા. ૭૦,૦૦૦ આપ્યા હતાં.

તેણે આ રોકાણ સામે મને નફાના ૩૦ હજાર મળશે તેમ કહ્યું હતું. એ પછી મને ૧ લાખ પરત અપાયા હતા. સમયસર મને નાણા મળી જતાં હોય અને નફો પણ અપાતો હોઇ જેથી વિશ્વાસ બેસી ગયો હતો. બાદમાં મેં પ્રેમની ઓફિસમાં કામ કરતાં એજન્ટ દર્શીલના ખાતામાં, એજન્ટ તસ્લીમના ખાતામાં તેમજ મહિમાના ખાતામાં મળી કુલ રૂા. ૮,૫૦,૦૦૫ અને અન્ય રોકડા રૂા. ૩,૫૦,૦૦૦ મળી કુલ ૧૨,૦૦,૦૫ આપ્યા હતાં. આ રોકાણ સામે મને સારુ વળતર મળશે તેમ કહેવાયુ હતું. પરંતુ બાદમાં મને રકમ પાછી આપવા બહાના ચાલુ કરાયા હતાં. જેથી મેં પ્રેમ બુધ્ધદેવ વિરૂધ્ધ અરજી કરતાં તે વખતે પ્રેમે નોટરીનું લખાણ કરી આપી કુલ રૂા. ૨૫,૦૦,૦૦૦ પાછા આપી દેશે તેવી ખાત્રી આપી હતી.

જેથી અરજીમાં સમાધાન થઇ ગયું હતું. પરંતુ હવે મારી રકમ પાછી અપાઇ નથી. મારા સિવાય અમારી શીવ ટાઉનશીપમાં રહેતાં વીભાબેન વડાલીયા, ચીંતનભાઇ ઝીંઝુવાડીયા, બલરામભાઇ પંડીત, મોતીભાઇ સિંધવ, સારાભાઇ જોગરાણા, પાર્થભાઇ ચાવડાએ પણ રોકાણ કર્યુ હતું. તેને પણ રકમ પાછી આપી નથી. તેમ વધુમાં શિક્ષીકાએ કહેતાં પોલી ઈન્સ્પેક્ટર બી. વી. બોરીસાગરના માર્ગદર્શનમાં એએસઆઇ વી. જે. દહીયાએ એફઆઇઆર દાખલ કરી આરોપીઓને શોધી કાઢવા તપાસ શરૂ કરી છે. લાલચ બુરી બલા હૈ એ વાત વધુ એક વખત અહિ સાબીત થઇ હતી.

સતત ધમધમતા માર્ગ પર બ્લીસ સ્પામાં મસાજ-માલીશના નામે ગ્રાહકોને 'મજો-મજો' કરાવાતો હતો

# નાણાવટી ચોકના સ્પામાં ત્રણ મહિનાથી ચાલતુ'તું કૂટણખાનું!

## મીઝોરમ, નવી દિલ્હી, પંજાબ અને રાજકોટથી લલનાઓ પાસે સંચાલક અને બે રિસેપ્સનીસ્ટ-ટેલીકોલર યુવતિઓ લોહીનો વેપલો કરાવતીઃ એન્ટ્રીના એક હજાર વસુલાતાઃ શરીર સંબંધ માટે લલનાઓ ઈચ્છા મુજબ રકમ લઈ લેતી

રાજકોટ તા. ૭

શહેરમાં ઠેકઠેકાણે સ્પાના ઓઠા તળે લોહીના વેપલા ચાલતાં હોવાનું અવાર-નવાર પોલીસના દરોડામાં સામે આવે છે. વધુ એક આવુ સ્પા પકડાયું છે જેમાં મસાજ-માલીશના ઓઠા તળે દેહવેપલો થતો હતો. નવી દિલ્હી, પંજાબ, મીઝોરમ અને રાજકોટની યુવતિ પાસે સંચાલક દેહવ્યાપાર કરાવતો હતો. એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટે દરોડો પાડી રિસેપ્સનીસ્ટ, ટેલીકોલર બે યુવતિ અને એક ગ્રાહકને દબોચ્યા હતાં. સંચાલક હાજર નહોતો. ત્રણ મહિનાથી ચાલી રહેલા આ કૂટણખાનામાં હનુમાન મઢી શીવપરાનો ગ્રાહક મળી મજા કરવા આવ્યો હતો. ચોંકાવનારી વાત એ છે કે સામાન્ય રીતે દેહસંબંધના બે-ચાર હજાર લેવાતાં હોય છે, પરંતુ આ યુવાને લલનાને પુરા રૂા. ૧૧૫૦૦ ચુકવ્યા હતાં!

વિગતો પર નજર કરીએ તો એન્ટી હ્યુમન ટ્રાફિકીંગ યુનિટે ગાંધીગ્રામ નાણાવટી ચોક પાસે નંદનવન સોસાયટીના ખુણે બ્લીસ સ્પામાં દરોડો પાડી કાર્યવાહી કરી હતી. આ અંગે એએચટીયુના હેડકોનસ. હસમુખભાઇએ ફરિયાદી બની જીવરાજ પાર્ક અંબિકા ટાઉનશીપ શ્રી અરિહંત ફલેટ નં. ૩૦૨માં રહેતાં સ્પા સંચાલક રાહુલ આલાભાઇ સાંડપા, આંબેડકરનગર-૧/૬ના ખુણે ગાયત્રી મંદિર સામે રહેતી એકતા ધીરૂભાઇ વાઘેલા, રૈયા રોડ હનુમાન મઢી સદગુરૂ કોમ્પલેક્ષ-૧માં રહેતી ગુરપ્રીત કૌર અને હનુમાન મઢી પાછળ શિવપરા-૧માં રહેતાં મિલન સુરેશભાઇ પરમાર વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી ત્યાં હાજર બે યુવતિ અને એક ગ્રાહકને આરોપી બનાવી ધરપકડ કરાઇ હતી. જ્યારે લલનાઓને સાક્ષી બનાવાઇ હતી.

પોલીસને બાતમી મળી હતી કે નાણાવટી ચોકમાં આવેલા બ્લીસ સ્પામાં છોકરીઓ રાખી સ્પા મસાજના નામે દેહવેપાર કરાવવામાં આવી રહ્યો છે. આથી પોલીસે દરોડો પાડ્યો હતો. કાઉન્ટર પર બે યુવતિ હાજર હોઇ તેના નામ પુછતાં પોતે રિસેપ્સનીસ્ટ-ટેલીકોલર તરીકે કામ કરતી હોવાનું અને પોતાનું નામ એકતા ધીરૂભા વાઘેલા તથા ગુરપ્રીત કૌર જણાવ્યું હતું. તેમજ સ્પાના માલિક રાહુલ સાંડપા હોવાનું કહ્યું હતું. એક શખ્સ હાજર




> સામાન્ય રીતે ૨૫૦૦-૪૦૦૦ વસુલાતા હોઇઃ પણ હનુમાન મઢીના શખ્સે દેહસંબંધ માટે લલનાને ચુકવ્યા હતાં રૂા. ૧૧૫૦૦ પુરા

હતો તેણે પોતાનું નામ અસલમ ગુલમામદ બેગ હોવાનું અને લોઠડામાં રહેતો હોવાનું તથા સ્પામાં હાઉસ કીપીંગનું કામ કરતો હોવાનું કહ્યું હતું. સ્પાના અલગ અલગ રૂમો ચેક કરતાં એક રૂમાં સ્ત્રી-પુરૂષ કઢંગી હાલતમાં મળ્યા હતાં. યુવતિએ પોતે ૩૬ વર્ષની હોવાનું અને રાજકોટ મવડી વિસ્તારમાં રહેતી હોવાનું કહ્યું હતું.

રૂમમાં ઉપયોગ થયેલો કોન્ડોમ મળ્યો હતો. યુવતિએ કહ્યું હતું કે આ કોન્ડોમ રિસેપ્સનીસ્ટ એકતાએ આપ્યો છે. રૂમમાં હાજર ગ્રાહક પાસેથી શરીર સંબંધ બાંધવાના રૂા. ૧૧૫૦૦ લીધા છે. આ ગ્રાહકને રૂમમાં એકતા અને ગુરપ્રીત કૌરે મોકલ્યો હતો. જેમાંથી ૧૦૦૦ રૂપિયા સ્પા સંચાલકને આપવાના હોય છે. ગ્રાહકે પોતાનું નામ મિલન સુરેશભાઇ પરમાર કહ્યું હતું. ત્રીસ વર્ષનો આ શખ્સ હનુમાન મઢી પાછળ શીવપરા-૧માં રહે છે. મિલને કહ્યું હતું કે પોતે સ્પામાં આવ્યો ત્યારે રૂમમાં હાજર યુવતિએ શરીર સંબંધ બાંધવાની હા કહેતાં પહેલા રૂા. ૪૦૦૦ અને બાદમાં ઓનલાઇન ૭૫૦૦ આપ્યા હતાં. એ પહેલા રિશેપ્શન ઉપર ૧૦૦૦ દીધા હતાં. પોતે પહેલી જ વખત મજા કરવા આવ્યો હોઇ આટલી રકમ ચુકવી દીધાનું તેણે રટણ કર્યુ હતું! સ્પામાં અન્ય રૂમમાંથી ચાર યુવતિઓ મળી આવી હતી. જેમાં એક ૩૭ વર્ષની રાજકોટની, બીજી ૩૦ વર્ષની નવી દિલ્હીની, ત્રીજી ૨૨ વર્ષની પંજાબની, ચોથી ૩૦ વર્ષની મીઝોરમની હતી.

આ રૂમમાંથી એક યુવાન પણ મળી આવ્યો હતો. જેણે પોતે થાનગઢનો હોવાનું અને મસાજ કરાવવા આવ્યાનું કહ્યું હતું. પોલીસે સ્પામાં દરોડા દરમિયાન રૂા. ૨૮૦૦ રોકડા, રૂા. ૪૫૦૦૦ના પાંચ મોબાઇલ ફોન મળી ૪૭૮૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. સ્પા માલિક રાહુલ, યુવતિઓ એકતા, ગુરપ્રીત સાથે મળી યુવતિઓને સ્પામાં રાખી ગ્રાહકો બહારથી બોલાવી યુવતિઓ પાસેદેહવેપલો કરાવતી હોઇ ગુનો નોંધાયો હતો. એન્ટ્રી ફીના ૧૦૦૦ લઇ સ્પામાં કામ કરતી યુવતિઓ પાસે ગ્રાહક દિઠ રૂપિયા લેવડાવતાં હતાં.

પોલીસ તપાસમાં ખુલ્યા મુજબ ત્રણેક મહિનાથી રાહુલે આ સ્પામાં દેહવ્યાપાર ચાલુ કરાવ્યો હતો. તે ઝડપાયા બાદ વધુ વિગત ખુલશે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયાના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સપેક્ટર ભાર્ગવસિંહ એમ. ઝણકાત, પીએસઆઇ એ. કે. ગોસ્વામી, હેડકોન્સ. હરસુખભાઇ વાછાણી, મહમદઆરીફ અંસારી, કોન્સ. હસમુખભાઇ બાલધા, કોન્સ. ભુમિકાબેન ઠાકર, કોન્સ. મહેશ ગણેશપ્રસાદ, લોકરક્ષક જ્યોતિબેન બાબરીયાએ આ કામગીરી કરી હતી. સંચાલક ઝડપાયા બાદ વધુ માહિતી બહાર આવશે. રહેણાંક વિસ્તારોમાં ધમધમતાં સ્પાની અંદર ગંદા હૈ પર ધંધા હૈ મુજબ લોહીના વેપલા થતાં હોવાના અનેક વખત પર્દાફાશ થયા છે. જેમાં આ વધુ એક કાર્યવાહી સામેલ થઇ છે.

વિદેશમાં વસવાટ કરી નોકરી મેળવી સ્થાયી થવા ઇચ્છુકો સાથે સતત ફ્રોડ

# વર્ક પરમીટના નામે યુવાનો સાથે ૧૯ લાખની ઠગાઈ

## એક સિનીયર સીટીઝનના દિકરા-વહૂને કેનેડાના વિઝા અપાવવાના નામે ગઠીયાએ લગાવી દીધો લાખોનો ચૂનો

રાજકોટ તા. ૭

વિદેશના વર્ક પરમીટના નામે સતત વધી ગયેલી ઠગાઇની ઘટનાઓમાં વધુ નવા કિસ્સા ઉમરાઇ ગયા છે. પોલીસે રાબેતા મુજબ એફઆઇઆર દાખલ કરી તપાસ શરૂ કરી હતી. એક ઘટનામાં ન્યુઝીલેન્ડ, કેનેડાના જોબ વર્ક પરમીટ આપવાના નામે ઓગણીસ લાખથી વધુની ઠગાઇ થઇ ગઇ છે. બીજા કિસ્સામાં કેનેડાના વિઝાના નામે સિનીયર સીટીઝન સાથે સાડા ચાર લાખની ઠગાઇ થઇ છે.

પ્રથમ ઘટનાની વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતા નિકુલભાઈ પંડ્યા નામના છવ્વીસ વર્ષના યુવાન અને તેમના મિત્રો સહિત અનેક લોકોએ ગ્લોબલ એજ્યુકેશન એન્ડ ઇમિગ્રેશન કન્સલ્ટન્સીના માલિક ભાવીનભાઈ ચંદુલાલ શાહ પર વિદેશમાં નોકરીના વર્ક પરમિટનું વચન આપી છેતરપિંડી આચરતા આ મામલે કપુરાઇ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. કપુરાઇ પોલીસ મથકમાં નિકુલભાઈએ નોંધાયેલ ફરિયાદમાં તેઓ અને તેમના મિત્રો લેહ રાય અને પૂર્વેશ ચૌહાણે ન્યૂઝીલેન્ડ અને કેનેડા માટે વર્ક પરમિટ મેળવવા ભાવીનભાઈની ઓફિસનો સંપર્ક કર્યો હતો. ભાવીનભાઈએ દરેક વ્યક્તિ દીઠ ૯ લાખ રૂપિયાની માંગણી કરી હતી. જેમાંથી બે લાખ રૂપિયા એડવાન્સ તરીકે ચૂકવવાના હતા. બાદમાં ત્રણેય મિત્રોએ ૬ લાખ રૂપિયાના ચેક આપ્યા સાથે ડોક્યુમેન્ટ્સ સોંપ્યા હતા.

પરંતુ ચાર મહિના પછી પણ વિઝા પ્રોસેસ શરૂ થઈ ન હતી. જ્યારે તેમણે પૈસા પરત માંગ્યા ત્યારે ભાવીનભાઈએ રૂ.૧,૬૧,૦૦૦ના ચેક આપ્યા હતા જે ફંડ ઇન્સફિશિયન્ટ અને પેમેન્ટ સ્ટોપના કારણે પરત આવ્યા હતા. આ જ પ્રોસેસ માટે અન્ય લોકો જેવા કે નેહલકુમાર ઠક્કર, રૂપી વ્યાસ, માન મહેન્દ્રસિંહ, હર્ષદ વાઘેલા અને નિસર્ગ પાટીલે પણ ભાવીનભાઈ પર ૧ લાખથી ૫ લાખ રૂપિયા આપ્યા. જે પરત ન કરતા આખરે તમામે કપુરાઇ પોલીસ મથકમાં છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધાવી છે. આ તમામ પાસેથી વિઝા કન્સલ્ટન્ટના નામે વર્ક પરમિટ આપવાના બહાને રૂપિયા ૧૯.૨૦




લાખ પરત ન આપી છેતરપિંડી આચરતા પોલીસે આરોપી ભાવિન શાહને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા હતાં.

બીજા બનાવ પર નજર કરીએ તો પુત્ર અને પુત્રવધૂના કેનેડાના પીઆર વિઝા કઢાવી આપવાના નામે વડોદરાના સિનિયર સિટીઝન સાથે ૪.૫૦ લાખ રૂપિયાની છેતરપિંડી થઈ છે. આ મામલે અમદાવાદના કન્સલ્ટન્ટ વિરુદ્ધ મકરપુરા પોલીસ સ્ટેશનમાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે અને પોલીસે તપાસ હાથ ધરી છે. તરસાલી વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝને તેમના પુત્ર અને પુત્રવધૂને કેનેડા મોકલવા માટે વિઝા કન્સલ્ટન્ટને ૪.૫૦ લાખ રૂપિયા આપ્યા હતા, પરંતુ તેમની સાથે છેતરપિંડી થઈ છે. મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદમાં આરોપ છે કે, અમદાવાદના વિક્ટરી ઈમિગ્રેશન અને એજ્યુકેશન કન્સલ્ટન્ટના માલિક સંગ્રામસિંહ કુશવાહે ખોટા વચનો આપીને રૂપિયા પડાવી લીધા અને કોઈ વિઝા પ્રક્રિયા કરી નહોતી, જેથી આ મામલે પોલીસ ફરિયાદ નોંધાઈ છે.

વધુ વિગતો અનુસાર નોવીનો તરસાલી રોડ પર આવેલ ગીતાંજલી ડુપ્લેક્ષમાં રહેતા ફરિયાદી સુરજસિંઘ લાભસિંઘ મહેતાની ફરિયાદ પ્રમાણે તેમના પુત્ર સીમરજીતસિંઘ મહેતા અને પુત્રવધૂ વિનીપ્રિત કૌર મહેતા માટે કેનેડા પરમેનન્ટ રેસિડન્સી-પીઆર વિઝા માટે તેમને આરોપી સંગ્રામસિંઘ હરીવિલાસસિંઘ કુશવાહ-અમદાવાદનો સંપર્ક કર્યો હતો. તેણે વિઝા, વર્ક પરમિટ અને સ્ટુડન્ટ વિઝા જેવી સેવાઓ આપવાના વચનો આપ્યા હતા. ભોગ બનનાર સિનીયર સિટીઝન ફરિયાદીએ પુત્ર અને પુત્રવધૂના દસ્તાવેજો ઈમેઈલથી મોકલ્યા હતા. આરોપીએ કહ્યું હતું કે, બંનેના કેનેડા પીઆર મેળવવા માટે કુલ ૮ લાખ રૂપિયાનો ખર્ચ થશે, ફરિયાદીએ વિશ્વાસમાં આવીને ૪.૫૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા, ત્યારબાદ અમદાવાદની એપોલો હોસ્પિટલમાં મેડિકલ કરાવ્યું હતું. વીએફએસ પાલડી, અમદાવાદમાં બાયોમેટ્રિક કરાવ્યુ હતું. જેથી ફરિયાદીને વધુ વિશ્વાસ થયો હતો.

આ પછી આરોપીએ ખોટી ફિક્સ્ડ ડિપોઝિટ અમદાવાદ ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકમાંથી બતાવી હતી. ફરિયાદીના પુત્રના નામે કન્ફર્મેશન ઓફ એન્ડોર્સમેન્ટ અન્ડર એટલાન્ટિક ઈમિગ્રેશન પાઈલટ પ્રોગ્રામનો ખોટો લેટર બતાવ્યો હતો અને રૂપિયા ડોલરમાં કન્વર્ટ કરીને કેનેડા ગવર્નમેન્ટને મોકલ્યા છે. વ્હોટ્સએપ પર ખોટી રસીદો મોકલી હતી. આરોપીના સરનામે કુરિયર દ્વારા પુત્ર અને પુત્રવધૂના પાસપોર્ટ પણ મોકલાવ્યા હતા. પણ છેલ્લે ફ્રોડ થયાની ખબર પડતાં આ મામલે મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરાવાઇ હતી.

### વિદેશમાં સ્થાયી થવાના સપનાઓ જોઈ લેભાગુઓની જાળમાં ફસાતાં લોકો

# દાઝ્યા પર ડામ: અડધો કરોડ ગુમાવ્યા ને જેલ પણ ભોગવી!

## દંપતિ જે વીઝા ઓફર લેટર પર લડન પહોંચ્યું તે લેટર જ બોગસ હતો: લેભાગુ એજન્ટને કારણે વેઠવી પડી આર્થિક-માનસિક યાતના: એસઓજીએ શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૭

વિદેશ જવા ઇચ્છુકો સાથે ફ્રોડની સતત વધી રહેલી ઘટનાઓ વચ્ચે વધુ એક ચોંકાવનારી અને લાલબત્તી સમાન ઘટના સામે આવી છે. જેમાં એક દંપતિ સાથે ખાયા પિયા કુછ નહિ ગીલાસ તોડા બારાઆના અને દાઝ્યા પર ડામ જેવું થયું છે. આ દંપતિ કહેવાતા એજનટ મારફત લંડન પહોંચી ગયા હતાં અને આ માટે તેણે અડતાલીસ લાખ ચુકવ્યા હતાં. આ બંને ગયા હતાં ત્યાં સારી નોકરી મેળવી સ્થાયી થવાના ઇરાદા અને સપનાઓ સાથે. પરંતુ તેમને લેભાગુ એજન્ટે ખોટા ઓફર લેટરને આધારે ત્યાં પહોંચાડી દીધા હોઇ બંનેને દિવસો સુધી જેલમાં પણ રહેવું પડ્યું હતું. અડધા કરોડની રકમ ગુમાવી હતી અને માથે જતાં જેલ ભોગવવી પડી હતી.

ઘટનાની વિસ્તૃત વિગતો જોઇએ તો અમદાવાદમા એક દંપતી સાથે વિઝા એજન્ટ દંપતિએ યુકેના વિઝા અપાવવાનું કહીને અડતાલીસ લાખ પડાવી લીધા હતા. ઠગ દંપતીએ લંડનમાં નોકરી માટે ખોટા પ્રલોભનો આપ્યા હતા. દંપતિએ કંપનીઓના ખોટા ઓફર લેટર આપતા લંડન પહોંચેલા દંપતિને જેલ જવાનો વારો આવ્યો હતો. દંપતી ૧૪ દિવસ લંડનની જેલમાં રહીને ભોગ બનનાર દંપતિને ભારત ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. આખરે અડતાલીસ લાખ ગુમાવીને જેલ ભોગવનાર દંપતિએ આ મામલે પોલીસની મદદ લેતા શહેર એસઓજીએ આ મામલે ઠગ દંપતિ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. શાહીબાગમાં રહેતા વિવેકભાઈને પત્ની સાથે લંડન જવુ હોવાથી સેન્ટ્રલ મુંબઇ ખાતે રહેતા અને ત્યાં જ ઓફિસ ધરાવી પાસપોર્ટ વિઝા તથા ટિકિટને લગતુ કામ કરતા વૈભવ શિંદેને મળ્યા હતા.




વૈભવ શિંદેએ યુકેના વિઝા, ટિકિટ અને નોકરી અપાવવાની શરતે કુલ પાંચ વર્ષના પીઆર સાથે કુલ ૩૬ લાખ ખર્ચ જણાવ્યો હતો. આ બાબતે વાતચીત ચાલતી હતી, ત્યારે વૈભવ અને તેની પત્ની ધનલ સિંદે કામઅર્થે અમદાવાદ આવીને વિવેકભાઈના ઘરે રોકાતા હતા, જેના કારણે બંને વચ્ચે પારિવારીક સંબંધ બંધાતા વિભવ શિંદેએ વિવેકભાઇને વિશ્વાસમાં લીધા હતા. બાદમાં પહેલા દિવસથી જ નોકરી મળી જાય તેવા ટીયર ટુ વર્ક વીઝા મળી જાય તે પ્રકારના વર્ક વિઝા અપાવવાની જવાબદારી સાથેનો ઈમેઈલ કર્યો હતો. જે બાદ વિવેકભાઇને વિશ્વાસ આવી જતા તેમણે તેમના અને પત્નિના તમામ ડોક્યુમેન્ટ મોકલી આપ્યા હતા અને લોન લઈને વૈભવ સિંદેને ૧૮ લાખ ચુકવ્યા હતા.

થોડા સમય બાદ વૈભવે યુકેની કંપનીનો ઓફર લેટર આપ્યો હતો. તેમાં પગાર ઓછો હોવાથી બીજી કંપનીનો લેટર મોકલી આપ્યો હતો. ચાર માસ બાદ આ કંપનીમાં જોડાવવાનું છે, તેમ કહીને બાકીના ૩૬ લાખ મેળવી લીધા હતા. જ્યારે વૈભવ શિંદેની પત્નીએ અમદાવાદમાં એક બ્રાન્ચ ખોલીને કામ ચાલુ કર્યું ત્યારે વિવેકભાઇએ તેમની ફાઇલનું કામ કેમ આગળ નથી વધતુ તેમ પૂછતા ધનલ શિંદેએ એક વર્ષમાં પીઆર થવા માટે ૧૫ લાખ માંગ્યા હતા. વિવેકભાઈએ તેમના મોટાબાપુ પાસેથી ૧૨ લાખ લઈને આપ્યા હતા. થોડા સમય બાદ વિવેકભાઇ અને તેમની પત્નીના યુકેના વિઝા આવ્યા હતા. પરંતુ ઓફર લેટરમાં નોકરીની સમયમર્યાદા લખી હોવાથી તે બાબતે વૈભવ સિંદેને વાત કરતા તેણે યુકે ગયા બાદ સમય મર્યાદા વધારી આપવા બાંયધરી આપી હતી.

જ્યારે વિવેકભાઈ પત્ની સાથે યુકે ગયા ત્યારે ઓફર લેટર મુજબના સરનામા પર તપાસ કરી તો કંપની જ અસ્તિત્વમાં નહોતી. એક જગ્યાએ તો કંપનીનું લાયસન્સ રદ્દ થયુ હતું. જેથી આ મામલે વૈભવને વાત કરતા તેણે વિઝા કેન્સલ કરાવીને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી હતી. વિવેકભાઇએ તપાસ કરતા વિધાઉટ નોકરીનો ઓફર લેટર આપ્યો હોવાનો ખુલાસો થયો હતો અને ઓફર લેટરોમાં છેડછાડ કરીને બનાવટી હોવાનું સામે આવ્યુ હતું. નિયમ મુજબ સાંઇઠ દિવસમાં નોકરી ન શોધી શક્તા વિવેકભાઇ અને તેમની પત્નીને પોલીસ પકડી ગઇ હતી અને ચૌદ દિવસ જેલમાં રાખ્યા હતા. જેલમાંથી મુક્ત થઇને બંનેને ભારત ડિપોર્ટ કરવામાં આવ્યા હતા. જે બાદ વિવેકભાઇએ પોલીસને જાણ કરતા શહેર એસઓજીએ આ મામલે ગુનો નોંધી વૈભવ અને તેની પત્ની ધનલ શિંદેની શોધખોળ હાથ ધરી હતી. આમ એક તો લાખો રૂપિયા ગુમાવ્યા હતા અને માથેથી જેલ પણ ભોગવવી પડી હતી.

---

### વન-વેમાં રિક્ષા હંકારવાની ના પાડતાં તાલીઓ પાડી વિડીયો ઉતારી ગાળો દઇ બૂમો પાડી

# કિન્નરોએ કોન્સ્ટેબલને ધોકાવ્યા

## એ-ડિવીઝન પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી કાયદાનું ભાન કરાવ્યું

રાજકોટ તા. ૭

શહેરમાં કિન્નરો દ્વારા વધુ એક વખત સરાજાહેર અશ્લીલ હરકતો કરવામાં આવી હતી. આ વખતે તો તેણે ફરજ પરના પોલીસ કોન્સ્ટેબલને પણ ઢીબી નાંખી બેફામ ગાળો દીધી હતી. કોન્સ્ટેબલનો વાંક એટલો જ હતો કે તેણે સાંગણવા ચોકમાં વન-વેમાં કિન્નરો સાથે આવેલી રિક્ષાને રોકી હતી. બસ આટલી જ વાતમાં કિન્નરોએ ભેગા મળી એવી ધમાલ મચાવી હતી કે લોકોના ટોળા ભેગા થઇગયા હતાં. જો કે પોલીસે કાયદેસરની કાર્યવાહી કરી બધાને કાયદાનું ભાન કરાવ્યું હતું.




વિગતો પર નજર કરીએ તો એ-ડિવીઝન પોલીસ દ્વારા ટ્રાફિક શાખાના કોન્સ. હિતેન્દ્રસિંહ સાવજુભા ગોહિલની ફરિયાદ પરથી ઓટો રિક્ષા જીજે૦૩એઝડ-૭૪૫૦ના ચાલક તથા કિન્નર મીરાદે, લાંબા વાળવાળો અજાણ્યો શખ્સ અને બીજા સાત આઠ અજાણ્યા કિન્નરો વિરૂધ્ધ ગુનો નોંધી નવ કિન્નરો રામનાથપરા બહુચરાજી માતાના મઢ ખાતે રહેતાં કિન્નરો સમીરાદે ગોપીદે, નવ્યાદે ચાર્મીદે, વંદનાદે સંજનાદે, કલ્પુદે મીરાદે, ધર્મિષ્ઠાદે દિવ્યાદે, ખુશ્બુદે ગોપીદે, હિરલદે ગોપીદે અને મીરાદે કંચનદે સામે ગુનો નોંધી ધરપકડની તજવીજ કરી હતી. હિતેન્દ્રસિંહ ગોહિલે જણાવ્યું હતુ કે હું સાંગણવા ચોકમાં મારી નોકરીના ટ્રાફિક પોઇન્ટ પર હતો. અહિ થ્રી વ્હીલ અને ફોર વ્હીલ વાહનો માટે નો-એન્ટ્રી હોય છે. આ દરમિયાન સાંજે પોણા પાંચેક વાગ્યે રિક્ષા નંબર ૭૪૫૦ રોંગ સાઇડમાં આવતાં મેં તેને રોકી હતી. આમ છતાં ચાલકે રિક્ષા હંકારી છેક મારા પગ સુધી આવવા દીધી હતી. આથી મેં તેને અહિ નો-એન્ટ્રી છે અહિથી આગળ રિક્ષા પ્રવેશની મનાઇ છે તેમ કહ્યુ હતું.

આ વખતે રિક્ષામાં બેઠેલા એક કિન્નર અને લાંબા વાળવાળા શખ્સે રિક્ષામાંથી ઉતરી મોબાઇલથી મારો વિડીયો ઉતારવાનું ચાલુ કર્યુ હતું અને-તમે બીજાને કેમ રોકતા નથી? જેથી મેં ટુવ્હીલરવાળાને જ માત્ર એન્ટ્રીની છુટ છે તેમ કહેતાં કિન્નર જોર જોરથી તાળીઓ પાડી મોટેથી બૂમો પાડી મને કહેવા લાગેલ કે-હું રાજકોટ કિન્નર અખાડાની ગાદીપતી મીરાદે છું. તેમ કહી કોઇને ફોન કરતાં થોડીવારમાં બીજા સાત-આઠ કિન્નર આવી ગયા હતાં. બાદમાં આ બધાએ એક થઇ જોર જોરથી રાડો પાડી ગાળો બોલી અમુક કિન્નોરએ પોતાના કપડા ઉંચા કરી દેકારો મચાવ્યો હતો. મેં તેને આવુ બધુ કરવાની ના પાડતાં આ બધા કિન્નરો અને તેની સાથેના શખ્સે મને ઢીકાપાટુનો માર માર્યો હતો અને ગાળો દઇ દેકારો મચાવ્યો હતો. આ વખતે માણસો પણ ભેગા થઇ ગયા હોઇ મને છોડાવ્યો હતો.

આ દરમિયાન મેં ટ્રાફિક કન્ટ્રોલ રૂમમાં ફોન કરતાં પોલીસ આવી ગઇ હતી. આ દરમિયાન રિક્ષાચાલક અને તેની સાથેનો લાંબા વાળવાળો શખ્સ ભાગી ગયા હતાં. આ બંને અને કિન્નરોએ મારી ફરજમાં રૂકાવટ કરી ગાળો દઇ જાહેરમાં કપડા ઉંચા કરી અશ્લીલ કૃત્ય કરી મને માર માર્યો હોઇ ફરિયાદ નોંધાવી હતી. તેમ વધુમાં હિતેન્દ્રસિંહે કહ્યું હતું. પોલીસ ઇન્સ્પેકટર બી.વી. બોરીસાગરના માર્ગદર્શનમાં પીએસઆઇ બી.આર. સાવલીયાએ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

---

### અંબીકા ટાઉનશીપ પાસે રહેતાં એમઆર યુવાનને ફેસબૂક પર ફ્રન્ડ બનાવી ક્રિપ્ટોમાં કમાણીના નામે જાળમાં લેપેટી લેવાયો

# ‘જીવકાશ્રી’એ ફ્રેન્ડ બની મસ્ત વાતો કરી, પછી દીધો ‘લાખોનો ડામ’

## એક હજારના રોકાણ પર સીધા સાડા બાર હજાર આપી દેવાતા યુવાન વિશ્વાસમાં આવ્યો, લલચાયો અને તેર ખાતાઓમાં સાડા એકત્રીસ લાખ ટ્રાન્સફર કરી દીધા: પણ રકમ ઉપાડવા ટાણે કહેવાયું-પંદર હજાર ડોલર ફી ભરો તો જ રકમ મળશે: સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી

રાજકોટ તા. ૭

ઇન્ટરનેટની સુવિધા સાથે સોશિયલ મિડીયાના અલગ અલગ માધ્યમોનો પણ લોકો ભરપુર ઉપયોગ કરે છે. જો કે આ માધ્યમનો સારો ઉપયોગ કરનારા અસંખ્ય છે તો તેના કરતાં વધુ એવા પણ છે જે આ માધ્યમનો ઉપયોગ ગુનાખોરી આચરવામાં કરી રહ્યા છે. વધુ એક ચોંકાવનારી અને લાલબત્તી સમાન ઘટના રાજકોટમાં ઘટી છે જેમાં મેડીકલ રિપ્રેઝન્ટેટીવ (એમઆર) યુવાનને જીવીકાશ્રી નામે ફેસબૂક પર ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી ફ્રેન્ડ બનાવી ક્રિપ્ટોમાં નાણા રોકવા લલચાવી સાડા એકત્રીસ લાખનો ચૂનો લગાવી દેવાયો હતો. શરૂઆતમાં એક હજાર સામે બાર હજાર પાંચસોની કમાણી કરાવી દેવાયા યુવાન લલચાયો હતો અને જાળમાં લપેટાઇ ગયો હતો.




વિગતો પર નજર કરીએ તો યુએસડીટી-ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી નફો કરવાનું કહી શહેરના એક એમઆર યુવાનને જીવીકાશ્રી નામે ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલનાર યુવતિએ ફ્રેન્ડ બની ખુબ વાતો કરી હતી પછી આ યુવાનને ક્રિપ્ટોમાં નાણા રોકવા લલચાવ્યો હતો. યુવાનને શરૂઆતમાં થોડો નફો આપ્યા બાદ તેની પાસેથી અલગ અલગ તેર ખાતાઓમાં એકત્રીસ લાખ પચાસ હજાર મેળવી લેવાયા હતાં. યુવાને આ રકમ ઉપાડવાની વાત કરી ત્યારે તેને જો તમે ૧૫ હજાર ડોલર સિક્યોરીટી વેરીફીકેશન ફીના ભરશો તો જ રકમ મળશે તેમ કહી દેવાયું હતું. આ બનાવમાં સાયબર ક્રાઇમ પોલીસે જીવરાજ પાર્ક અંબિકા ટાઉનશીપ કસ્તુરી ખાતે રહેતાં પાંત્રીસ વર્ષિય હાર્દિકભાઇ ભૂપેન્દ્રભાઇ ઉમરાણીયાની ફરિયાદ પરથી અલગ અલગ બેંક ખાતાના ધારકો તથા બે મોબાઇલ ફોન નંબરના ધારકો વિરૂધ્ધ રૂા. ૩૧,૫૪,૮૩૦ની ઠગાઇ કરવાનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

યુએસડીટી-ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી નફો મેળવવાની લાલચ આપી આ ઠગાઇ કરવામાં આવી હતી. હાર્દિકભાઇ ફાર્મા કંપનીમાં એમ.આર. તરીકે નોકરી કરે છે. તેણે જણાવ્યું હતું કે હું બે મહિના પહેલા મારા મોબાઇલ ફોનમાં ફેસબૂક પર અલગ અલગ પોસ્ટ જોઇ રહ્યો હતો ત્યારે જીવકાશ્રી નામના આઇડી પરથી ફ્રેન્ડ રિક્વેસ્ટ આવી હતી. જે મેં સ્વીકારી લીધી હતી. હાલ આ આઇડી ફેસબૂક પર નથી. ફ્રેન્ડ બન્યા બાદ ફેસબૂક મેસેન્જર પર અમારી વચ્ચે વાતચીત ચાલુ થઇ હતી. એ પછી તે મારી સારી ફ્રેન્ડ બની ગઇ હતી.

એક દિવસ તેણે મને યુએસડીટી-ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાની વાત કરી હતી. હું તેની વાતોમાં આવી ગયો હતો અને તેની વાત માની લીધી હતી. આ પછી તેણીએ મને વ્હોટ્સએપ નંબર મોકલતાં તેના પર અમે વાત કરતાં હતાં. બાદ તેણીએ મારો સંપર્ક પીટર પોલ નામના શખ્સ સાથે વ્હોટ્સએપ પર કરાવ્યો હતો. તેણે ઇન્વેસ્ટમેન્ટ કરવા માટેની એપ્લીકેશનની લિંક મોકલી હતી. જે મેં ઓપન કરી મારા નામનું એકાઉન્ટ બનાવ્યું હતું. જેમાં મને યુઝર નેમ અને પાસવર્ડ જનરેટ કરાવાયા હતાં. શરૂઆતમાં મેં રૂા. ૧૦૦૦ ટ્રેડીંગમાં નાખ્યા હતાં. જેમાં નફા સાથે ૧૨૫૦૦ મારા એકાઉન્ટમાં દેખાડતા હતાં.

આ રકમ મારા ખાતામાં જમા થઇ ગઇહ તી. આથી મને તેના પર વિશ્વાસ બેઠો હતો. બાદમાં વધુ રોકાણ કરવાનું કહેતાં મેં કટકે કટકે સામેવાળાએ જણાવેલા અલગ અલગ ૧૩ બેંક એકાઉન્ટમાં અલગ અલગ રકમો જમા કરાવી દીધી હતી. આ રીતે મેં કુલ રૂા. ૩૧,૫૪,૮૩૦ની રોકડ રકમ ટ્રેડીંગના નામે જમા કરાવી હતી. આ પછી પણ મારી પાસે વધુ ને વધુ નાણાની માંગણી ચાલુ રાખવામાં આવી હતી. પણ હવે મારી પાસે નાણા ન હોઇ મેં યુએસડીટી-ક્રિપ્ટોમાં રોકોલા નાણા નફા સાથે વીથડ્રો કરવાનું કહેતાં આ લોકોએ કહ્યું હતું કે નફા સાથે તમારે રૂપિયા ઉપાડવા હોય તો સિક્યુરીટી પેટે વેરીફીકેશન ફી ભરવી પડશે, જે ૧૫૦૦૦ ડોલર થાય છે.

આ રકમ ભરશો પછી જ તમારી રકમ વીડ્રો કરી શકશો. મેં તેની પાસે રૂપિયા વીડ્રો કરવાની ટર્મ્સ કંડીશન મંગાવતાં તેણે કોઇ પ્રત્યુતર આપ્યો નહોતો. આથી મને શંકા ઉપજતાં સાયબર ક્રાઇમ હેલ્પલાઇન ૧૯૩૦ ઉપર ફોન કરી ફરિયાદ કરી હતી. તેમ વધુમાં હાર્દિકભાઇએ કહેતાં સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર પી.આર. ડોબરીયાએ ગુનો દાખલ કરી તપાસ આરંભી છે. હજુ તાજેતરમાં જ ગોંડલના એક મેડિકલ સ્ટોર સંચાલકને પણ આ રીતે શેર બજારમાં કમાણીની લાલચ આપી એક કરોડનો ચૂનો લગાવી દેવાયાનો કિસ્સો સામે છે. ત્યાં વધુ એક ફેસબૂક ફ્રેન્ડ યુવતિ લાખોનો ચાંદલો કરી ગઇ છે. સાયબર ગઠીયાઓને શોધવા પોલીસ કામે લાગી છે.

---

### કમાણી કરી આપવાના નામે, એકના ડબલના નામે છેતરાઇ ગયા બે લોકો

# સ્ટોકમાં રોકાણ કરવા જતાં વૃધ્ધે ગુમાવ્યા ૩૫ લાખ

## એકાઉન્ટમાં પોણા ત્રણ કરોડનો નફો દેખાડાયો: પરંતુ વૃધ્ધ એક રૂપિયો પણ તેમાંથી વીડ્રો કરી શક્યા નહિ: સાયબર ક્રાઇમ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ તા. ૭

અલગ અલગ સ્કીમમાં રોકાણ કરવાથી ફાયદો થાય તેવી લાલચ આપી લોકોને છેતરવામાં આવે છે. આવા વધુ બે બનાવ સામે આવ્યા છે. જેમાં સિનીયર સીટીઝન સાથે સ્ટોક ટ્રેડીંગના નામે પાંત્રીસ લાખની ઠગાઇ કરવામાં આવી છે. તેમને રોકાણ પર પોણા ત્રણ કરોડનો નફો બતાવાયો હતો. પરંતુ તેઓ રકમ વીડ્રો કરવા ગયા ત્યારે છેતરાયાની ખબર પડી હતી. બીજી ઘટના જોઇએ તો એક આધેડને એકના ડબલ કરી દેવાના નામે ગઠીયાએ સાડા છ લાખ પડાવી લીધા છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરા શહેરના વાસણા-ભાયલી રોડ વિસ્તારમાં રહેતા એક સિનિયર સિટીઝન સાથે સાયબર ઠગોએ સ્ટોક ટ્રેડિંગના નામે પાંત્રી લાખ રૂપિયાની છેતરપિંડી કરી છે. સાયબર ક્રાઇમ પોલીસે ફરિયાદ દાખલ કરી તપાસ શરૂ કરી હતી. સિનિયર સિટીઝને વડોદરા સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેમને વોટ્સએપ ગ્રુપ અને બનાવટી વેબસાઇટ્સ દ્વારા ફસાવીને કુલ ૩૫,૩૦,૦૦૦ રૂપિયાનું નુકસાન કરાવવામાં આવ્યું છે. તેઓ ઘરેબેઠા ઇલેક્ટ્રિકલ પાવર કન્સલ્ટન્સીનું કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. સિનિયર સિટીઝનને વોટ્સએપ પર ગ્રુપમાં જોડાવા માટેની રિક્વેસ્ટ આવી હતી. જેના પર ક્લિક કરતાં તેઓ ગ્રુપમાં જોડાઈ ગયા હતા.

આ ગ્રુપમાં ૯૩ મેમ્બર્સ હતા અને તેમાં રોજિંદા ચેટિંગ અને પોઝિટિવ રિવ્યુઝ થતાં હતા. બાદ તેમને એક કંપનીની કસ્ટમર રિલેશનશિપ મેનેજર તરીકે ઓળખ આપીને સહાના આયંગરે પર્સનલ ચેટ કરીને સ્ટોક ટ્રેડિંગ વિશે જાણકારી આપી હતી. તેણે ટ્રેડિંગ પર દસ ટકા કમિશન મળશે તેવું વચન આપ્યું હતું. ગ્રુપમાં અન્ય મેમ્બર્સ અને એડમિન દ્વારા પોઝિટિવ રિવ્યુઝ આપવામાં આવતા હતાં. આ ઉપરાંત કંપનીના ડિરેક્ટર તરીકે ઓળખ આપીને નિર્મય ચોકસી રોજ ગ્રુપમાં પોસ્ટ કરતી હતી અને કંપનીના ફોટા તથા ટેમ્પ્લેટ્સ મૂકતી હતી. સિનિયર સિટીઝને ગૂગલ પર વેરિફાઈ કરીને વિશ્વાસ કર્યો હતો અને ટ્રેડિંગ કરવાનું નક્કી કર્યું હતું.

આ પછી સિનિયર સિટીઝનને એક વેબસાઇટ પર રજિસ્ટ્રેશન કરાવવા જણાવાયું હતું. તેઓને એક ગૂગલ ફોર્મ મોકલવામાં આવ્યું હતું, જેમાં પર્સનલ માહિતી ભરવાની હતી. ફોર્મ સબમિટ કરતાં તેઓ વેબસાઇટ પર રજિસ્ટર થઈ ગયા હતાં. કસ્ટમર સર્વિસ દ્વારા બેંક એકાઉન્ટ્સની વિગતો મોકલાતી હતી અને સેબી રજિસ્ટર્ડ કંપનીના સ્ક્રીનશોટ તથા




### એકના ડબલના નામે ખેડૂતને છ લાખનો ડામ: પહેલા ખાડો ખોદી રૂા. ૫૦ મુકાવી તેના ૧૫૦ કરી દીધા: પછી ત્રણ લાખ રોકડા, દાગીના મળી છ લાખ મુકાવ્યા અને મત્તા લઈ ભાગી ગયો

પીડિતના નામે એચએનઆઇ એકાઉન્ટ ઓપનિંગ લેટર (સ્ટેમ્પ સાથે) મોકલાયા હતાં. બાદ સિનિયર સિટીઝને એક લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. વેબસાઇટ પર આ રકમ દેખાતી હતી. ત્યારબાદ વધુ રકમ ટ્રાન્સફર કરાવવા માટે દબાણ કરવાનું શરૂ કર્યું હતું. જેથી ૫,૦૦,૦૦૦ રૂપિયા ભર્યા અને ૧,૨૦,૦૦૦ રૂપિયા પરત મળ્યા હતાં, જેથી વિશ્વાસ વધુ મજબૂત થયો હતો.

ત્યારબાદ વેબસાઇટ અમુક વખત બંધ થઈ જતી હતી, તેથી સિનિયર સિટીઝનને નવી વેબસાઇટ્સ પર રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. અલગ-અલગ બેંક એકાઉન્ટ્સમાં ટ્રાન્સફર કરાવીને કુલ ૩૬,૫૦,૦૦૦ રૂપિયા વસૂલ કરવામાં આવ્યા હતાં. તેમાંથી ૧,૨૦,૦૦૦ રૂપિયા પરત આપીને ૩૫,૩૦,૦૦૦ રૂપિયાનું ફ્રોડ કરવામાં આવ્યું હતું. પછી વેબસાઇટ પર ૨,૭૫,૦૦,૦૦૦ રૂપિયા દેખાતા હતાં. જે પૈકી સિનિયર સિટીઝને ૬૦,૦૦,૦૦૦ રૂપિયા ઉપાડવાનો -યાસ કર્યો હતો, પરંતુ તેમને ૨૩,૯૦,૦૦૦ રૂપિયા કમિશન તરીકે ભરવા કહેવામાં આવ્યું, જેનાથી તેમને ફ્રોડ થયું હોવાનો અહેસાસ થયો હતો. આથી તેમણે ૧૯૩૦ પર ઑનલાઇન અરજી કરી હતી.

બીજા કિસ્સામાં ભચાઉ તાલુકાના સુખપરના ખેડૂતને જમીનમાં ખાડો કરી રૂપિયા ડબલ કરી દેવાની લાલચ આપી ૫૨.૨૦ લાખની ઠગાઈ કરનાર ચીરઈના ગઠીયા સામે વધુ એક ગુનો નોધાયો છે. ઝુરામા રહેતા આધેડને રૂદ્રમાતા પાસે ખાડો કરાવી તેમાં રોકડ રૂપિયા ૩.૫૦ લાખ અને ૩ લાખની કિંમતના દાગીના દાટી દીધા બાદ મુદ્દામાલ લઈને પલાયન થઇ ગયો હતો. પોલીસ સુત્રોના કહેવા મુજબ ઝુરા ગામના ફરિયાદી ધવલભાઈ પ્રમજીભાઈ ભાનુશાળીએ માધાપર પોલીસ મથકે અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોધાવ્યો છે. ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપીએ ફરિયાદીનો ફોન પર સંપર્ક કરી રૂપિયા ડબલ કરી આપવાની લાલચ આપી હતી. જે બાદ ફરિયાદીને રૂદ્રમાતા નજીક બોલાવી જમીનમાં ખાડો કર્યો હતો અને ફરિયાદીનો વિશ્વાસ કેળવવા ૫૦ રૂપિયા ખાડામાં રખાવ્યા બાદ ૧૫૦ કરીને પરત આપ્યા હતા.

ગઠીયાની કળા પર વિશ્વાસ કરી બેઠેલા ફરિયાદીએ રોકડ રૂપિયા ૩.૫૦ લાખ અને રૂપિયા ૩ લાખની કિંમતના દાગીના ખાડામાં મૂકી દીધા હતા. પરંતુ ડબલ કરવાને બદલે આરોપી તમામ મુદ્દામાલ ઉઠાવી પલાયન થઇ ગયો હતો. આ મામલે માધાપર પોલીસ મથકેથી મળેલી વિગતો મુજબ ભચાઉના સુખપર ગામના ખેડૂત સાથે ઠગાઈ કરનાર ચીરઈના આરોપી રમેશનાથ ધીરાનાથ વાદી સામે દુધઇ પોલીસ મથકે ગુનો નોંધાયા બાદ તેને ઝડપી લેવામાં આવ્યો હતો. જે બાદ ઝુરાના વ્યક્તિ સાથે કરેલી ઠગાઈ મામલે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

### સલામત સવારી બની મોતની સવારી

# ST બસની બ્રેક ફેલ થતાં ૬૫ વર્ષના વૃદ્ધે ગુમાવ્યો જીવ

## રાજકોટમાં ST બસે મારી ટક્કર : વૃદ્ધને લીધા હડફેટે : ડ્રાઈવર વિરુદ્ધ ગુન્હો નોંધી હાથ ધરાઈ તપાસ




રાજકોટ, તા. ૭

રાજકોટ શહેરમાં સમયાંતરે એવી દુઃખદ ઘટનાઓ બનતી રહે છે જેનાથી લાગે છે કે રાજકોટ હવે શ્રાપિત થઈ ગયું છે અને શાંતિ યજ્ઞની ખાસ જરૂર ઊભી થઈ છે. અગાઉ પણ રાજકોટમાં અકસ્માતો થતા હતા પરંતુ વારંવાર જે ઘટનાઓ ઘટે છે તેનાથી હવે દરેકે સાવધ રહેવાની જરૂર છે. ટીઆરપી અગ્નિકાંડ બાદ સ્થિતિમાં ખૂબ ઝડપી બદલાવ આવ્યો છે અને અકસ્માત અને દુર્ઘટનાનું પ્રમાણ સમયાંતરે વધતું જોવા મળ્યું છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ આ અંગે તંત્ર એ પણ ખાસ વિચાર વિમર્શ કરવો જરૂરી છે. ગઈકાલે રાજકોટ એસટી બસ સ્ટેન્ડમાં જે દુઃખદ ઘટના ઘટી તેનાથી અરેરાટી મચી છે. રાજકોટ એસટી એટલે કે સલામત સવારી તરીકે ઓળખાતી પરંતુ હવે આ જ સલામત સવારી કાળની સવારી બની ગઈ. ગઈકાલે બસની બ્રેક ફેલ થવાની વાત સામે આવી રહી છે અને પરિણામ સ્વરૂપે એક ૬૫ વર્ષના વૃદ્ધનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું.

રાજકોટના એસ.ટી. બસ સ્ટેન્ડ ખાતે એક અત્યંત દુઃખદ અને ગંભીર અકસ્માતની ઘટના સામે આવી છે. જેમાં મુસાફરોની સલામત સવારી ગણાતી સરકારી બસ જ એક વૃદ્ધ માટે યમદૂત બની હતી. કારણ કે બ્રેક ફેલ થવાના કારણે થયેલા અકસ્માતમાં એક વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું છે. આ અકસ્માત રાજકોટ-જસદણ-બોટાદ રૂટની સરકારી બસમાં સર્જાયો હતો. બસ સ્ટેન્ડ પર ઊભેલી આ બસની અચાનક બ્રેક ફેલ થઈ જતાં ડ્રાઇવરે બસ પરનો કાબૂ ગુમાવી દીધો હતો.

કાબૂ બહાર થયેલી બસ અનિયંત્રિત રીતે આગળ ધપી હતી. જેના કારણે આ દુર્ઘટના સર્જાઈ હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ૬૫ વર્ષના દિનેશભાઈ મારવાણીયા નામના વૃદ્ધ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાથી બસ સ્ટેન્ડ પર ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બસ સ્ટેન્ડ જેવી સુરક્ષિત જગ્યાએ બ્રેક ફેલ થવાના કારણે અકસ્માત થતાં મુસાફરોની સુરક્ષા પર ગંભીર સવાલો ઊભા થયા છે. મુસાફરી પહેલા બસોની યોગ્ય જાળવણી અને ટેક્નિકલ ચેકિંગ કરવામાં આવ્યું હતું કે કેમ તે અંગે પણ સવાલો ઊઠી રહ્યા છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક બસ સ્ટેન્ડ પહોંચ્યો હતો અને અકસ્માત માટે જવાબદાર બસના ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એસ.ટી. વિભાગે પણ આ મામલે તપાસના આદેશ આપ્યા છે.

બસપોર્ટના એક્ઝીટ ગેટ પર મુસાફર અચાનક સામે આવી જતા અકસ્માત સર્જાતા મૃત્યુ નિપજ્યુ હતું. રાજકોટ એસટી વિભાગના ડેપો મેનેજર ઘનશ્યામ ચગે જણાવ્યું હતુ કે, જસદણ ડેપોની રાજકોટ -બરવાળા રૂટની એસટી બસપોર્ટની બહાર નીકળી રહી હતી ત્યારે અચાનક મુસાફર સામે આવી જતા ડ્રાઈવરે બ્રેક લગાવવાનો પ્રયાસ કર્યો હતો જોકે ડ્રાઈવરથી બ્રેક ન લાગતા મુસાફર બસ સાથે અથડાયો હતો અને ત્યાર બાદ તેનું મૃત્યુ નીપજ્યું હતુ. જોકે આ બાબતે એસ.ટી.નો મિકેનિકલ વિભાગ તપાસ કરી રહ્યો છે કે ખરેખર બસની બ્રેક ફેલ હતી કે શું?

### ગોકુલ હોસ્પિટલે ગેરકાયદે બિલ્ડિંગને કાયદેસર કરવા

# ૭૫ લાખનો ભર્યો દંડ

## કોંગી આગેવાન સંજય લાખાણી-કૃષ્ણદત્ત રાવલનો આક્ષેપ ટ્રાફિકની સમસ્યા સર્જાશે તો તેની જવાબદારી કોણ લેશે



રાજકોટ તા. ૭

રાજકોટમાં છાનાખૂણે ઘણીખરી એવી પ્રવૃત્તિઓ ચાલતી હોય છે કે જેની લોકોને જાણ હોતી નથી અને સામે તંત્ર એ બાબતથી વાકેફ પણ હોય છે. છતાં પણ જે પગલાં લેવાવા જોઈએ તે લેવાતા ન હોવાની અનેક વ્યાપક ફરિયદો ઉઠી રહી છે. ત્યારે ગોકુલ હોસ્પિટલના ગેરકાયદેસર બિલ્ડિંગને કાયદેસર કરવા ૭૫ લાખનો દંડ ભરવાની વાત થઇ હતી જે ભરવામાં આવ્યા નથી અને સ્પષ્ટ છેતરપિંડી આચર્યા હોવાનું જણાઇ રહ્યું છે. રાજકોટ મહાનગરપાલિકામાં જનરલ બોર્ડમાં ગેરકાયદેસરના ઠરાવથી મંજુરી મેળવીને ગોકુલ હોસ્પિટલને તેમના બન્ને બિલ્ડિંગને જોડતા બ્રિજ વિરુધ્ધ ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં કોંગી આગેવાનો સંજય લાખાણી તથા કૃષ્ણદત્ત રાવલ દ્વારા ઠરાવની સામે કાર્યવાહી કરવાના ભાગરૂપે ફરિયાદ દાખલ કરાવી. ફરિયાદમાં એ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો કે, બ્રિજવાળા બિલ્ડિંગમાંથી એક બિલ્ડિંગ રહેણાંક હેતુ માટે ઊભું થયું હતું. તેમ છતાં તે બિલ્ડિંગમાં ગેરકાયદેસર રીતે હેતુફેર કરાવ્યા વગર તેનો ઉપયોગ વાણિજ્ય હેતુ માટે કરવામાં આવતો હતો.

રાજકીય વગ ધરાવતા હોસ્પિટલના સંચાલકોએ રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડમાંથી આપવામાં આવેલી મંજુરીની શરતોને પૂર્ણ કર્યા વગર જ સત્તાના જોરે ગેરકાયદેસર રીતે હોસ્પિટલ ચલાવવામાં આવતી હતી. જેની તપાસ થતાં ૨૦ જાન્યુઆરી ૨૦૨૫ તથા ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ ગેરકાયદેસર બાંધકામવાળા બિલ્ડિંગોને મંજુરી આપવા માટે ઈમ્પેક્ટના કાયદા મુજબ હોસ્પિટલ વરતી કે કેમ તે અંગે હજુ કોઇ ચોખવટ થયેલી નથી ત્યારે તપાસ કરતા બ્રિજને કનેક્ટ કરતા બન્ને બિલ્ડિંગમાંથી એક બિલ્ડિંગ જે રહેણાંક હેતુમાં હોવા છતાં તેનો હોસ્પિટલ માટે કોમર્શિયલ ઉપયોગ કરવામાં આવતો હતો. જે બ્રિજની મંજુરી આપેલ શરતોનો ખુલ્લો ભંગ થયું હોવાનું માલુમ પડ્યું. જેની તપાસ કરવાના મંજુર આપતા સમયે અધિકારીઓ દ્વારા રાજકીય દબાણને વશ થઇ કાયદાનું પાલન કરાવ્યું ન હતું તેવું જાણવા મળ્યું છે.

વધુમાં કોંગી આગેવાનોએ આ અંગે જણાવ્યું હતું કે, તેમની લેખિતમાં ફરિયાદ કરતા ગોકુલ હોસ્પિટલને મળેલ મંજુરી સત્તા બહાર તથા નિયમ વિરુદ્ધ અને આરએમસીના જનરલ બોર્ડમાં મંજુરી આપવામાં આવેલી તેની સામે કાનુની લડાઇ ચાલુ કરવા જણાવ્યું હતું. જે બાદ હોસ્પિટલને ૭૫ લાખ રૂપિયા ઈમ્પેક્ટ ફીના ભરવામાં આવ્યા. જે ગેરકાયદેસર બાંધકામ રેગ્યુલરાઇઝ કરવાના દંડ ભરીને મંજુર કરવામાં આવ્યું. ત્યારે આમ છતાં બ્રિજની મંજુરી સામે કોંગી આગેવાનો દ્વારા કાનુની લડત ચાલુ રાખવામાં આવશે તેવું જણાવ્યું હતું.

હાલ જે મંજુરી ક્યા સંદર્ભે આપવામાં આવી તેની કોઇ સ્પષ્ટતા હજી સુધી થઇ શકી નથી. ત્યારે રાજકોટ મહાનગરપાલિકાના જનરલ બોર્ડના ગેરકાયદેસર ઠરાવની મંજુરીને કાયદેસર કરવા હોસ્પિટલ દ્વારા ઈમ્પેક્ટના ૭૫ લાખ દંડ રૂપે ભરીને મંજુરી લેવા કાર્યવાહી કરવામાં આવી તે તદ્દન ખોટું છે. સાથોસાથ કોંગી આગેવાનોએ પ્રશ્ન ઉઠાવતા કહ્યું કે, બિલ્ડિંગ પ્લાન પાસ કરતી વખતે પાર્કિંગની જગ્યામાં દબાણ કરતા ગેરકાયદેસર ઉપયોગ બદલ હોસ્પિટલને ૭૫ લાખનો દંડ ભરી ઈમ્પેક્ટ કેવી રીતે મનપાએ મંજુર કરી અને અંતમાં હોસ્પિટલમાં દરદીના સગાઓને પોતાના વાહનો ક્યા પાર્ક કરવા તેવી ચિંતા તથા લત્તાવાસીઓની મુશ્કેલીમાં વધારો કરતું બિલ્ડિંગમાં પાર્કિંગની જગ્યામાં ઓફિસ બનાવવાની મંજુરીથી ટ્રાફિકની પણ સમસ્યા સર્જાશે તેની જવાબદારી કોણ લેશે.

### શહેરમાં કોણ ક્યારે કયા કારણે કોને ધોકાવી નાંખે તે નક્કી નથી : વધુ એક બબાલ

# કર્લી વાળ અંગે મજાક કરી યુવાનના અપહરણનો પ્રયાસ

## બહેન સાથે સાધુ વાસવાણી રોડ પર શાકભાજી લેવા નીકળેલા કંપની સુપરવાઈઝરની પહેલા મજાક કરાઈઃ બે દિવસ પછી ફરી યુવાન સામે મળતાં ઝાયલોમાં નાંખી ઉઠાવી જવા પ્રયાસ કરી ઘુસ્તાવી ધમકી દીધીઃ સાત શખ્સો સામે કાર્યવાહી

રાજકોટ તા. ૭

શાંત શહેરમાં અમુક લોકો ગમે ત્યારે ગમે તેની સાથે માથાકુટ કરી હુમલો કરી દેતાં હોવાની ઘટનાઓ અવાર-નવાર બનતી રહે છે. દરમિયાન એક કંપનીના સુપરવાઇઝર યુવાનના માથાના વાળ વાંકળીયા હોઇ તેના આ કર્લી વાળ બાબતે તેની મજાક કરી તેની બહેનની હાજરીમાં ન બોલાવના શબ્દો બોલાયા હતાં. આ ઘટનાના બે દિવસ પછી ફરીથી આ યુવાનને મજાક કરનારા સહિતના શખ્સોએ ઝાયલો ગાડીમાં નાંખી ઉઠાવી જવાનો પ્રયાસ કરી બેફામ મારકુટ કરી હતી. પોલીસે રાયોટીંગનો ગુનો દાખલ કરી આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો સાધુ વાસવાણી રોડ પર રહેતાં અને સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં યુવાનને તે પોતાના બહેન સાથે સાધુ વાસવાણી રોડ પર શાકભાજી, ફળ ખરીદવા ગયો ત્યારે બે શખ્સોએ આ યુવાનના કર્લી વાળ વિશે જેમ તેમ બોલી મજાક કરતાં યુવાને તમારા ઘરે મા-બહેન-દિકરી હોય તો આવી મજાક કોઇની ન કરાય તેમ કહી બહેન સાથે નીકળી ગયા બાદ બે દિવસ પછી યુવાન તેના મિત્ર સાથે પાન-ફાકી ખાઇને જતો હતો ત્યારે ફરી અગાઉ મજાક કરનાર ફરી સામે મળ્યા હતાં.

જેમાં એક શખ્સે તું એ જ છો ને લાંબા વાળવાળો? શું કરવું છે તારે? કહી બીજા શખ્સો સાથે મળી ઢીકાપાટુનો બેફામ માર મારી ઝાયલો ગાડીમાં નાંખી ઉઠાવી જવાનો પ્રયાસ કર્યો હતો. પણ યુવાન દોટ મુકી બહાર નીકળી જતાં મારકુટ કરી ધમકી દઇ બધા ભાગી ગયા હતાં. યુનિવર્સિટી પોલીસે મુળ ગીરગઢડાના ઝુંડવડલી ગામના વતની અને હાલ રાજકોટ સાધુ વાસવાણી રોડ પર કર્મદીપ કોમ્પલેક્ષ ફલેટ નં.૩માં રહી આજી જીઆઇડીસીબી ટર્બો ગેઇટમાં વાસુ માર્કેટીંગ નામની કન્સ્ટ્રક્શન કંપનીમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરતાં વિશાલ જેઠાભાઇ સાંવ નામના સત્યાવીસ વર્ષના યુવાનન ફરિયાદ પરથી વિજય, કુલદીપ અને પાંચ અજાણ્યા વિરૂધ્ધ એફઆઇઆર નોંધી હતી.

આ બનાવ અંગે વિશાલે જણાવ્યું છે કે હું તથા મારા મોટા બહેન બીજી ઓક્ટોબરના રોજ સાધુ વાસવાણી રોડ શાકમાર્કેટમાં શાકભાજી તથા ફળ લેવા ગયેલ ત્યારે વિજય નામનો માણસ તથા કુલદીપ દરબાર નામનો માણસ મારા મોટા બેનની હાજરીમાં મારા લાંબા અને કર્લી વાળ બાબતે મજાક કરેલ જેથી મેં બંનેને કહેલ કે તમારા ઘરે મા-બહેન-દિકરીઓ હોય તો આવી મજાક ન કરાય. આ વખતે મારા બહેને આપણે કોઇ લપ નથી કરવી તેમ કહેતાં અમે અમારી કીયા કાર લઇ જતાં રહ્યા હતાં. દરમિયાન ફરીથી પરમ દિવસે રાતે સાડા દસેક વાગ્યે હું તથા મારો મિત્ર રોહિત લાડવા અમે બંને રાજ પેલેસ પાસે ડીલક્ષ પાન આવેલ છે ત્યાં પાન-માવા ખાઈને ચાલીને અમારા ઘર તરફ જતાં હતાં ત્યારે રાજ પેલેસ ચોકમાં વિજય નામનો માણસ તથા તેની સાથે તેના ત્રણ મિત્રો હોઈ મને વિજયે બોલાવી કહેલું કે તું એ જ છો ને લાંબા વાળ વાળો તારે શું કરવું છે? તેમ કહેતા મેં કહેલ કે મારે કોઈ માથાકૂટ કરવી નથી.

તો પણ આ વિજય મને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ અને તેના મિત્રોને કહેવા લાગેલ કે આને ગાડીમાં બેસાડી દયો તેમ કહી આ બધાય ભેગા મળી એક સફેદ કલરની ઝાયલો કાર પડેલ હોય જેમાં મને પાછળ બેસાડી દીધેલ અને હું બહાર નીકળી ભાગવા ગયેલ તો આ ચારેય મને પાછળ દોડી પકડી ઢીકા પાટુનો આડેધડ મારવા લાગ્યા હતાં. બાદ મને ત્યાં રોડ પર જ બેસાડી દીધેલ એ દરમિયાન આ વિજયના બીજા મિત્રો કુલદીપ દરબાર તથા બે અજાણ્યા માણસો પણ આવી ગયેલા તેમાંથી એક પાસે લાકડી હોય તે લાકડી વતી મને આડેધડ મારવા લાગેલા અને કોઈકે બેલ્ટ વતી પણ મને મારેલ અને ફરી પાછો મને તેમની ઝાયલો ગાડીમાં બેસાડવા પ્રયાસ કરેલ હું બેઠેલ નહિ અને મારી સાથે ઝપઝપી કરતા હાઇ મારા ગળામાં સોનાનો ચેઇન પાંત્રીસ ગ્રામનો હતો તે તથા મારા પેન્ટના પાછળના ખીસ્સામાં રાખેલુ પર્સ પણ પડી ગયું હતું.

પર્સમાં પાન કાર્ડ, આધાર કાર્ડ, રોકડા ચાર હજાર હતાં તે પડીગયા હતાં. ત્યારબાદ ત્યાં રોડ ઉપર ઘણા માણસો ભેગા થઇ જતાં મને છોડાવ્યો હતો. આ શખ્સોએ જતા જતા પણ-આજે તો તું બચી ગયો આજુબાજુમાં દેખાતો નહીં નહિતર જીવતો નહીં રહેવા દઈએ તેવી ધમકી આપી જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કર્યો હતો. બાદ મેં ફોન કરી મારા બહેનને બોલાવતાં તે આવી ગયેલ અને મને હોસ્પિટલમાં ખસેડ્યો હતો. તેમ વધુમાં વિશાલે જણાવતાં યુનિવર્સિટી પોલી ઈન્સ્પેક્ટર એચ. એન. પટેલના માર્ગદર્શન હેઠળં પીએસઆઇ સી. પી. રાઠોડે ગુનો નોંધતા વધુ તપાસ એસીપી એસસીએસટી સેલ સી.એમ. પટેલ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.



### સુરેન્દ્રનગરની શેપ ફાર્મા પ્રા. લિ. તેમજ અમદાવાદની રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ.માં ખોરાક અને ઔષધ નિયમન તંત્ર અને CDSCOની સઘન તપાસ

# કફ સિરપ ઉત્પાદન કરતી પેઢીઓ સામે રાજ્ય સરકારના કડક પગલા

## બંને પેઢીઓને ગજ્ય દવાઓનો જથ્થો તાત્કાલિક ધોરણે બજારમાંથી પાછો ખેંચવા માટે પણ કડક આદેશ : સાવચેતીના ભાગરૂપે બંને પેઢીમાંથી અન્ય કફ સિરપના કુલ ૧૪ નમૂનાઓ લઇ તેને વધુ ચકાસણી અર્થે પ્રયોગશાળામાં મોકલવામાં આવ્યા

રાજકોટ, તા.૭

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, તાજેતરમાં જ બાળકોના ઉપયોગમાં લેવાતી કેટલીક કફ સિરપ દવાઓ 'નોટ ઑફ સ્ટાન્ડર્ડ' (Not of Standard Quality - NSQ) જાહેર કરવામાં આવી છે. જેના પગલે ગુજરાતમાં પણ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા આવી કફ સિરપ દવાઓ બનાવતી પેઢીઓની સઘન તપાસ કરીને અને રાજ્યવ્યાપી પગલાં લેવામાં આવી રહ્યાં છે.

ગુજરાતમાં લાઈસન્સ ધરાવતી કુલ ૬૨૪ ઓરલ લિક્વિડ દવા બનાવતી કંપની સ્થિત છે. જે તેમના ઉત્પાદનોનો પુરવઠો રાજ્યની અંદરના અધિકૃત વિતરણકારો મારફતે તેમજ રાજ્ય બહારના વિસ્તારોમાં પણ સપ્લાય કરે છે.

મંત્રી પટેલે કહ્યું હતું કે, તાજેતરમાં જ સુરેન્દ્રનગર જિલ્લાના મૂળી તાલુકામાં આવેલી મે. શેપ ફાર્મા પ્રા. લિ. તેમજ અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકામાં આવેલી મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ. દ્વારા ઉત્પાદિત કફ સિરપના નમૂનાઓ 'નોટ ઑફ સ્ટાન્ડર્ડ' જાહેર થયા હતા. આ ગંભીર બાબતને ધ્યાનમાં રાખીને ખોરાક અને ઔષધ નિયમન તંત્ર તથા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશનના ડ્રગ ઈન્સ્પેક્ટરો દ્વારા ગત તા. ૦૩ થી ૦૫ ઓક્ટોબર,૨૦૨૫ દરમિયાન આ બંને પેઢીઓની જોખમ-આધારિત સંયુક્ત તપાસ કરવામાં આવી હતી.

આ સંયુક્ત તપાસના અહેવાલમાં જોવા મળેલી જુદી-જુદી ક્ષતિઓના આધારે સંયુક્ત તપાસ ટીમ દ્વારા મે. શેપ ફાર્મા પ્રા. લિ., સુરેન્દ્રનગર અને મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ., અમદાવાદને તાત્કાલિક અસરથી દવાનું ઉત્પાદન બંધ કરવા આદેશ આપવામાં આવ્યો છે. આ તપાસ દરમિયાન ઉપરોક્ત પેઢીઓમાં નોટ ઑફ સ્ટાન્ડર્ડ દવાનો જથ્થો જોવા મળ્યો ન હતો. જોકે, તપાસ ટીમ દ્વારા બંને પેઢીઓને ગજ્ય દવાઓનો જથ્થો તાત્કાલિક ધોરણે બજારમાંથી પાછો ખેંચી લેવા (રીકોલ કરવા) માટે પણ આદેશ કરવામાં આવ્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

વધુમાં આરોગ્ય મંત્રીએ કહ્યું હતું કે, તપાસ દરમિયાન સાવચેતીના પગલારૂપે મે. શેપ ફાર્મા પ્રા. લિ.માંથી અન્ય કફ સિરપના ૦૩ દવાઓ તેમજ મે. રેડનેક્સ ફાર્માસ્યુટિકલ્સ લિ.માંથી અન્ય




કફ સિરપના ૧૧ નમૂના લેવામાં આવ્યા છે. આ તમામ ૧૪ નમૂનાઓ વધુ ચકાસણી અર્થે સરકારી પ્રયોગશાળાને મોકલી આપવામાં આવ્યા છે. જેના રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આ ઉપરાંત ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જન સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે રાજ્યની તમામ ઓરલ લિક્વિડ ઉત્પાદક પેઢીઓ પર કડક દેખરેખ રાખવામાં આવી રહી છે.

મંત્રીએ કહ્યું હતું કે, ગુજરાતના નાગરિકોના જન આરોગ્ય અને દર્દી સુરક્ષાના હિતમાં ખોરાક અને ઔષધ નિયંત્રણ તંત્ર દ્વારા રાજ્યના તમામ મદદનીશ કમિશ્નરોને અસુરક્ષિત કફ સિરપ દવાઓના જોખમથી જનતાનું રક્ષણ કરવા, રાજ્યમાં ઉત્પાદિત તેમજ વિતરણ થતી દવાઓની ગુણવત્તા, સુરક્ષા અને અસરકારકતા સુનિશ્ચિત કરવા કડક સૂચનાઓ આપવામાં આવી છે. મદદનીશ કમિશ્નરોને તેમના ક્ષેત્રમાં આવેલી તમામ ઓરલ લિક્વિડ અથવા કફ સિરપ ઉત્પાદક પેઢીઓની સંપૂર્ણ અને કડક તપાસો હાથ ધરવા સૂચનાઓ આપવામાં આવી છે.

આ તપાસ દરમિયાન પાણીની ગુણવત્તા, કાચામાલના સ્ત્રોત, ઉત્પાદન પ્રક્રિયા, ક્વોલિટી કન્ટ્રોલ સિસ્ટમ અને અન્ય મહત્ત્વના મુદ્દાઓની ઝીણવટપૂર્વક ચકાસણી કરવામાં આવશે. તપાસમાં ઓરલ લિક્વિડ અથવા કફ સિરપની અલગ-અલગ બનાવટના ઓછામાં ઓછા પાંચ નમૂના લેવાની અને તે નમૂનાઓની ચકાસણી વડોદરા લેબોરેટરી દ્વારા સત્વરે કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે. ત્યારબાદ, ફેક્ટરીથી લઈને રિટેલર સુધીની સપ્લાય ચેઇનમાં આવેલ તમામ નોટ ઑફ સ્ટાન્ડર્ડ (NSQ) જાહેર થયેલી દવાઓનું રીકોલ FDCAના અધિકારીઓની સતત દેખરેખ હેઠળ કરવામાં આવશે, જેથી માર્કેટમાં એક પણ અસુરક્ષિત બેચ ઉપલબ્ધ ન રહે, તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું હતું કે, જાહેર કરાયેલી નોટ ઑફ સ્ટાન્ડર્ડ કફ સિરપ દવાઓના વેચાણ, પુરવઠા અને વિતરણ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. તમામ ડિસ્ટ્રીબ્યુટર, હોલસેલર અને રિટેલર ચેનલ પર આ પ્રતિબંધનો કડક અમલ થાય તે માટે સતત નજર રાખવામાં આવી રહી છે. તમામ મદદનીશ કમિશનરોને રીકોલ અને તપાસની કાર્યવાહીનું સતત મોનિટરિંગ રાખી, કાર્યવાહીનો વિગતવાર અહેવાલ સંયુક્ત કમિશ્નર (ડ્રગ્સ) ને નિયમિત રીતે દરરોજ મોકલવાની પણ સૂચના આપવામાં આવી છે. આ નિર્ણયો દ્વારા FDCA, ગુજરાત દવાઓની ગુણવત્તા નિરીક્ષણ અને ટ્રેસેબિલિટી સિસ્ટમને મજબૂત કરવા પ્રતિબદ્ધ છે.